સુવિચાર

વિશ્વાસ એવી શક્તિ છે જે માનવીને જીવિત રાખે છે, વિશ્વાસનો અભાવ જ જીવનનું અવસાન છે...


RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



કુવાડવા ગામે માસુમ બાળકીને માર મારી નરાધમે ગુપ્ત ભાગમાં છેડછાડ કરી P-4

Year-16, Issue-158 ■ DATE : 13-10-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બોટાદના હડદડ ગામે થયેલ પથ્થરમારાની ઘટનામાં 85 સામે ફરીયાદ

## આમ આદમી પાર્ટી દ્વારા મહાપંચાયતનું આયોજન કરાયું હતુંઃ આયોજન પોલીસે ગેરકાયદેસર જણાવી રોકવા જતા સ્થાનિક લોકોએ કર્યો પથ્થરમારોઃ ઈશુદાન ગઢવીની બગોદરા નજીકથી અટકાયત કરાઈ





**મુખ્ય સમાચાર, બોટાદ**

બોટાદ માર્કેટિંગ યાર્ડમાં કદડાને લઈને મામલો ગરમાયો છે, અને મહાપંચાયતનું આયોજન આમ આદમી પાર્ટી દ્વારા થનારુ હતું. જેને પગલે બોટાદના હડદડ ગામે મહાપંચાયતનું આયોજન હોય પોલીસ ગેરકાયદેસર જણાવીને રોકવા ગઈ હતી, ત્યારે સ્થાનિક લોકોએ પથ્થરમારો કર્યો અને ગાડી ઊંધી વાળી દીધી હતી. પોલીસે ટીયર ગેસ છોડ્યા હતા. ૨૦ લોકોની પોલીસે અટકાયત કરી હતી. જયારે આપના નેતા પ્રવિણ રામ, રાજુ કરપડા સહિત ૮૫ લોકો સામે ફરીયાદ નોંધાઇ છે. જો કે રસ્તામાંથી ઈશુદાન ગઢવીની બગોદરા નજીકથી અટકાયત પણ કરી લેવાઈ હતી.આ બનાવ થી રાજકારણ ગરમાયું છે.

મળતી માહિતી મુજબ બોટાદ માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોના કપાસની ખરીદી યાર્ડમાં કર્યા બાદ જિનિંગ મિલમાં લઈ ગયા પછી વેપારીઓ દ્વારા ભાવ ઓછા કરી નાખવામાં આવતા હોવાને મામલો ગરમાયો છે. માર્કેટિંગ યાર્ડમાં ચાલતા કદડાના નિયમને લઈને રાજકારણ પ્રવેશી ગયું છે. જેને લઈને એક મહાપંચાયતનું આયોજન કરાયું હતું. જો કે આ પંચાયતનું આયોજન બોટાદના હડદડ ગામે કરવામાં આવતા પોલીસ દોડી ગઈ હતી. જેથી પોલીસ અને ગ્રામજનો વચ્ચે સંઘર્ષ સર્જાયો હતો. જો કે આમ આદમી પાર્ટીના ઈશુદાન ગઢવી પણ આ મામલે ખેડૂતોની સમક્ષ હાજર રહેવાના હોય ત્યારે તેની પણ અટકાયત બગોદરા નજીક થઈ ગઈ હતી.

બોટાદ માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોનો કપાસ ખરીદી કર્યા બાદ વેપારીઓ દ્વારા જીનીંગ મીલમાં લઈ જઈને કોઈ બહાના હેઠળ ભાવ ઓછા કરી નાખે છે, એટલે કે જે કદડો પ્રથા ચાલી આવતી હતી તેના વિરુદ્ધમાં આમ આદમી પાર્ટીએ પણ ઝંપલાવ્યું હતું અને વિરોધ વ્યક્ત કર્યો હતો. ઈશુદાન ગઢવી પણ આ મામલે પોતાનું નિવેદન આપી ચૂકયા છે, ત્યારે આમ આદમી પાર્ટી તરફથી એક મહાપંચાયતનું આયોજન કરાયું હોય જેને લઈને બોટાદ જિલ્લાના હડદડ ગામે મહાપંચાયત યોજનાર હતી.

મહાપંચાયતને લઈને કોઈ મંજૂરી ન હોવાને કારણે હડદડ ગામે મોટી સંખ્યામાં પોલીસ કાફલો દોડી ગયો હતો, ત્યારે બોટાદના ડીએસપી ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે આજરોજ હડદડ ગામમાં ગેરકાયદેસર મહાપંચાયતનું આયોજન કર્યું હતું. તેથી પોલીસ ડીટેન કરવા માટે આવી હતી ત્યારે ગેરકાયદેસર લોકોએ મંડળી બનાવીને મહાપંચાયતનું આયોજન કર્યું હોય જેને ડીટેઇન કરવા આવતા કેટલાક લોકો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને પોલીસની ગાડીને પણ ઊધી વાળી દેવામાં આવી હતી.

બોટાદ DYSP મહર્ષિ રાવલ, LCB PI એ. જી. સોલંકી સહિત ચારથી વધુ પોલીસ કર્મચારીઓને ઈજાઓ પહોંચી છે. DYSP મહર્ષિ રાવલ ને પગે થયું ફ્રેક્સર, LCB PI એ. જી. સોલંકીને માથાના ભાગે સાત ટાકા આવ્યા, ઈજાગ્રસ્તોને સારવાર માટે બોટાદની સોનાવાલા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

## બ્લેકમની એકટ ૨૦૧૫ની કેટલીક આકરી કાનુની જોગવાઈ રદ કરવા તૈયારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ૨૦૧૫માં કાળાનાણા સામે આકરા કાનૂન લાવ્યા બાદ તેના હેઠળ પાડવામાં આવતા દરોડા અને વાસ્તવિક વસુલાત વચ્ચે મોટા બેનર બાદ અને ખાસ કરીને આવકવેરા-કાનૂન-૧૯૬૧માં થયેલા ધરખમ સુધારા આગામી વર્ષથી લાગુ થનારા નવા આઈટી એકટને ધ્યાનમાં રાખી હવે બ્લેક મની એકટ ૨૦૧૫ની કેટલીક આકરી કાનૂની જોગવાઈ રદ કરવા તૈયારી રહી છે. સંસદમાં બજેટ સત્રમાંજ અપાયેલ માહિતી મુજબ ૨૦૧૫માં આ કાનૂન અમલમાં આવ્યા બાદ રૂા.૩૫૦૦૦ કરોડથી પણ વધુના કાળા નાણા સંદર્ભમાં ૧૦૨૧ જેટલી તપાસ એક દશકામાં થઈ છે પણ ફરી રૂા.૩૩૮ કરોડની જ વસુલાત થઈ ચૂકી છે. બીજી તરફ આવકવેરા એકટની કરચોરી વિ. સામે જે દંડાત્મક સહિતની જોગવાઈ છે તેના કરતા આ ખાસ કાનૂનની જોગવાઈ વધુ પડતી આકરી છે. તેથી તેમાં અનેક વખત અદાલતી પ્રક્રિયામાં આવકવેરા વિભાગને પછડાટ સહન કરવી પડે છે. એક રિપોર્ટ મુજબ હવે સરકાર ધ બ્લેક મની (વિદેશી મિલ્કત તથા આવક) તથા ઈમ્પોઝીશન ઓફ એકટ ૨૦૧૫ની ઉચ્ચકક્ષાએ સમીક્ષા કરી રહી છે. સૌથી વધુ આ કાનૂન હેઠળ દશકાઓ અગાઉ જે આવક થઈ હોય અને આવકવેરા વિભાગને તેનો ખ્યાલ આવ્યો હોય તેમાં જે વર્ષમાં બ્લેકમની જાહેર થઈ હોય તે વર્ષમાં તેની આવક ગણવામાં આવે છે.

# રંગીલા રાજકોટમાં દિવાળીની ચમક દેખાઈઃ મુખ્ય બજારોમાં ભારે ભીડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રંગીલુ ગણાતું રાજકોટ શહેર હાલ દિવાળીના તહેવારના રંગે રંગાઈ ગયું છે. તહેવારોને હજુ એકાદ સપ્તાહ જેવો સમય બાકી હોવા છતાં ખરીદીનો માહોલ પૂરબહારમાં ખીલ્યો છે, અને શહેરના મુખ્ય બજારોમાં લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને લાખાજીરાજ બજારો અને ધર્મેન્દ્ર રોડ પર ગ્રાહકોનું માનવ મહેરામણ ઉમટી પડ્યું છે. આ બજારોમાં કપડાં, શૂઝ, દિવાળીના સુશોભન માટેની વસ્તુઓ, રંગોળીનો સામાન અને ગિફ્ટ આઈટમ જેવી વિવિધ વસ્તુઓ ઉપલબ્ધ છે. રવિવારનો દિવસ હોવાથી ખરીદી માટે નીકળેલા લોકોની સંખ્યામાં આજે મોટો વધારો જોવા મળ્યો હતો. શહેરના ઉપરાંત આસપાસના જિલ્લાઓમાંથી પણ લોકો અહીં ખરીદી કરવા માટે પહોંચ્યા હતા.

લાખાજીરાજ બજાર મહિલાઓ માટેની વિવિધ વસ્તુઓ માટે જાણીતું હોવાથી અહીં મહિલાઓની વિશેષ ભીડ જોવા મળી હતી. મહિલાઓ ખાસ કરીને ફેશન, તેમજ જ્વેલરી, અને ઘર સુશોભનની વસ્તુઓની ખરીદીમાં વ્યસ્ત જોવા મળી હતી. માનસી પરમાર નામના મહિલા ગ્રાહકે જણાવ્યું હતું કે, હું છેલ્લા ઘણા વર્ષોથી રાજકોટ શહેરમાં રહું છું અને દર સપ્તાહે અહીં ખરીદી કરવા આવું છું. જોકે આજે મોટી સંખ્યામાં દિવાળીની ખરીદી કરવા આવ્યા હોવાથી ખૂબ ટ્રાફિક છે. આ બજારમાં વ્યાજબી ભાવમાં સારી વસ્તુઓ મળતી હોવાથી લોકો પડાપડી કરી રહ્યા છે. મેં ટ્રેડિશનલ કપડાં-શૂઝ સહિતની ખરીદી કરી છે. રાજકોટની દિવાળીની વાત કંઈક અલગ જ હોય છે.

લખાજીરાજ રોડ પર ક્યૂટ લેડી નામની દુકાન ધરાવતા હેતલ વોરાએ જણાવ્યું હતું કે, મારી લેડીઝ વેરની શોપ છે. જેમાં ડ્રેસ, કુર્તી, પેન્ટ વગેરે વસ્તુઓ અમે રાખીએ છીએ. દિવાળીનો માહોલ અત્યારે સારો છે અને વેપાર પણ સારો થવાની આશા છે. ગત દિવાળીની તુલનાએ આ વખતે હજુ ઠીકઠાક માહોલ છે. મારી શોપમાં લો રેન્જ અને હાઈ રેન્જ બંને પ્રકારના ગ્રાહકો ખરીદી માટે આવી રહ્યા છે. ગ્રાહકોનું બજેટ અલગ-અલગ હોય છે, જે મુજબ તેઓ ખરીદી કરે છે.

કિંમતની રેન્જ અંગે તેમણે જણાવ્યું હતું કે, હાલ લેડીઝ વેરમાં કપડાંની કિંમતની રેન્જ આશરે રૂ. ૧,૫૦૦થી લઈ રૂ. ૨,૫૦૦-૩,૦૦૦ સુધીની હોય છે. મોટી સંખ્યામાં અહીં લોકો દિવાળીની ખરીદી કરવા માટે આવી રહ્યા છે. જોકે અહીં રસ્તા પર બેસતા પાથરણાવાળાઓને કારણે ખૂબ મુશ્કેલી પડે છે.

# ઉત્તર ભારતમાં ઠંડીનો માહોલ છવાયોઃ તાપમાનમાં ઘટાડો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવી દિલ્હી તા.૧૩ ઉત્તર ભારતમાં ઠંડીનો માહોલ છવાઈ ગયો છે. હિમાચલ પ્રદેશથી ઉત્તરાખંડ સુધીના ઘણા ઊંચા વિસ્તારોમાં હિમવર્ષાથી તાપમાનમાં ઘટાડો થયો છે. ઉત્તરાખંડના નીચલા ભાગોમાં પણ વરસાદ પડ્યો છે. ઉત્તરાખંડના ગઢવાલ અને કુમાઉ પ્રદેશો, જેમાં કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી, યમુનોત્રી, હેમકુંડ, ઔલી અને મુનસ્યારીનો સમાવેશ થાય છે, બંનેના ઊંચા શિખરો પર હિમવર્ષા ચાલુ છે. હિમવર્ષા અને વરસાદથી લોકોને ઠંડીનો અહેસાસ થયો છે. હિમવર્ષા પછી લોકો પર્વતોમાં સ્વેટર અને જેકેટ પહેરેલા જોવા મળ્યા હતા. દરમિયાન, હવામાન વિભાગે આગામી કેટલાક દિવસો સુધી વરસાદ અને હિમ-વર્ષાની આગાહી કરી છે. તાજેતરમાં, હિમાચલ પ્રદેશના ઊંચાઈવાળા વિસ્તારોમાં ઠંડીનું મોજું ચાલુ છે, કુલ્લુ અને મંડી જિલ્લાઓ અને લાહૌલ-સ્પિતિ જિલ્લાના વિવિધ ભાગોમાં તાજી બરફવર્ષા થઈ છે. હિમવર્ષાને કારણે મનાલી-લેહ રોડ બંધ થઈ ગયો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં પણ તાપમાનમાં ઘટાડો થયો છે. શુક્રવારે, દિલ્હીમાં તાપમાન પહેલીવાર ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું હતું, જે શિયાળાના આગમનનો સંકેત આપે છે. શુક્રવારે



લઘુત્તમ તાપમાન ૧૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રવિવારે, લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૧.૪ ડિગ્રી ઓછું હતું, જ્યારે મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ આસપાસ હતું, જે સામાન્ય કરતાં ૩.૯ ડિગ્રી ઓછું હતું. એ સોમવારે સ્વચ્છ આકાશની આગાહી કરી છે, જેમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસ રહેશે. મંગળવારે પણ હવામાન સ્વચ્છ રહેશે, મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ રહેશે. આગામી દિવસોમાં કેરળમાં ભારે વરસાદની આગાહી છે.

# હમાસે શાંતિ પ્રસ્તાવ અંતર્ગત સાત બંધકોને મુક્ત કર્યા

**મુખ્ય સમાચાર, ઈઝરાયલ**

ઈઝરાયલમાં આજે દિવાળી જેવો ખુશીનો માહોલ છે. બે વર્ષના યુદ્ધ બાદ ઈઝરાયલ અને હમાસ વચ્ચે સીઝફાયર કરાર હેઠળ ગાઝામાંથી બંધકો મુક્ત કરવામાં આવ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પ્રથમ તબક્કામાં સાત બંધક રેડ ક્રોસને સોંપવામાં આવ્યા છે. જો કે, હજી કોઈ સત્તાવાર જાણકારી મળી નથી. કરાર હેઠળ હમાસે અંતિમ ૨૦ જીવિત બંધકોને મુક્ત કરવાના છે. આ બંધકોનું સ્વાગત કરવા માટે ઈઝરાયલના લોકો રસ્તા પર નાચી-કૂદી રહ્યા છે. બીજી બાજુ ગાઝા ઈઝરાયલ દ્વારા કેદ પેલેસ્ટાઈનના સેકડોં લોકોને મુક્ત કરવાની રાહ જોઈ રહ્યું છે.



હમાસે આજે સોમવારે સવારે ૨૦ જીવિત બંધકોની યાદી જાહેર કરી છે. જેમને સીઝફાયર કરાર હેઠળ મુક્ત કરવામાં આવશે. સાથે તેમણે ૧૯૦૦થી વધુ પેલેસ્ટાઈન કેદીઓની પણ એક યાદી જાહેર કરી છે. જે ઈઝરાયલના અધિકારીઓને સોંપી તેમને મુક્ત કરવા કહ્યું છે. ઉલ્લેખનીય છે, રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિ બંધકોની મુક્તિ પર દેખરેખ રાખી રહી છે. તેની દેખરેખ હેઠળ બંધકોની અદલા-બદલી કરવામાં આવશે. મુક્તિ પહેલાં ઈઝરાયલમાં ખુશીનો માહોલ છે. ટીવી સ્ટેશન વિશેષ કવરેજ કરી રહ્યા છે. તેલ અવીવના હોસ્ટેજેસ સ્ક્વાયરની મોટી સ્ક્રીન પાસે લોકો એકઠા થઈ સતત સમાચાર પર નજર રાખી રહ્યા છે.

ગાઝા દ્વારા પ્રથમ તબક્કામાં કુલ ૨૦ બંધકોને મુક્ત કરવામાં આવશે. જેમાં અલ્કાના બોહબોટ, મટન અંગ્રેસ્ટ, અવિનાતન, યોસેફ-હૈમ ઓહાના, એવિએટર ડેવિડ, ગાઈ ગિલ્બોઆ-દલાલ, રોમ બ્રાસ્લાવસ્કી, ગૈલી બર્મન, જિવ બર્મન, ઈટન મોર, સેગેવ કલ્ફોન, નિમ્રોદ કોહેન, મેક્સિમ હર્કિન, ઈટન હોર્ન, બાર કુપરશેટિન, ડેવિડ કુનિયો, એરિએલ કુનિયો અને ઓમરી મિરાન.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે રવિવારે જાહેરાત કરી હતી કે, ગાઝામાં યુદ્ધનો અંત આવ્યો છે. આ જાહેરાતની સાથે ઈઝરાયલ અને મિસ્રે ઉચ્ચ સ્તરીય શાંતિ યાત્રા શરૂ કરી છે. આ યાત્રા અત્યંત ખાસ ગણાવતાં તેની શરૂઆતમાં જ એર ફોર્સ વન પર પત્રકારો સાથે વાત કરતાં ટ્રમ્પે ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ અને બંધકોના મુક્તિ કરાર વિશેની ચિંતાઓ ફગાવી હતી. તેમણે કહ્યું કે, ઈઝરાયલ અને પેલેસ્ટાઈનના ઉગ્રવાદીઓ વચ્ચે વર્ષોથી ચાલી રહેલુ યુદ્ધ હવે પૂર્ણ થયુ છે.

# રાજકોટ જીલ્લા પંચાયત કચેરીમાં હવે પાન-મસાલા ખાઈને થુંકશો તો દંડ






## આજે ઘેલાસોમનાથ ખાતે મળેલી સામાન્ય સભામાં કરાયો ઠરાવઃ ઉપલેટા તાલુકા પંચાયતનું નામ ડો. બી.આર. આંબેડકર ભવન થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક ઘેલા સોમનાથ તા. વિંછીયા ખાતે મળી હતી. જેમા જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર,કારોબારી ચેરમેન પી.જી.ક્યાડા, સમિતિનાં ચેરમેનઓ,સદસ્યઓ, જીલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, તમામ શાખાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજે મળેલી સામાન્ય સભામાં લોકોમાં જાગૃતતા આવે એ હેતુંથી રાજકોટ જીલ્લા પંચાયત કચેરીના પરીષરમાં જો કોઇ વ્યકિત પાન-મસાલા કે અન્ય બનાવટો ખાઇને જાહેરમાં થુંકશે તો દંડ કરવા સુધીની જોગવાઇનો ઠરાવ કરાયો હતો. આ સિવાય તાલુકા વિકાસ અધીકારી ઉપલેટાના પત્ર તા.૦૭/૦૪/૨૦૨૫ તથા તા.૦૬/૦૮/૨૦૨૫ થી ઉપલેટા તાલુકા પંચાયત કચેરીનુ નામ ડો.બી.આર.આંબેડકર ભવન રાખવા માટે અત્રે દરખાસ્ત રજુ થયેલ છે જે નામકરણ અંગેની રજુઆત સરકારમા મંજુર કરવા અર્થે મોકલવા આજની ખાસ સામન્ય સભામા ઠરાવ કરવામા આવ્યો.

વધુમાં ભારત સરકાર દ્વારા ૨જી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિતે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીનુ આહ્વાન કરવામા આવ્યુ છે ત્યારે આ વર્ષે સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) અંતર્ગત સ્વચ્છ હી સેવા - ૨૦૨૫ને સ્વચ્છોત્સવ તરીકે ઉજવવાનુ નક્કી કરવામા આવેલ છે. સ્વચ્છતા હી સેવા ના મુખ્ય મુદાઓ તરીકે ભાગીદારી થકી સ્વચ્છતા,સફાઈ મિત્ર સુરક્ષા શિબિર, સ્વચ્છતા અંગે જાગૃતિ, સ્વચ્છતા માટે સાંસ્કૃતિક પ્રવુતિઓ વગેરે જેવા કાર્યક્રમોનો સમાવેશ કરવામા આવેલ છે જે અનવ્યે સ્વચ્છતા અંગેની ફાળવવામા આવતી ગ્રાન્ટના વપરાશ બાબતે તાલુકા કક્ષાએ અનુસરવાની કાર્યપધ્ધતિના ભાગરુપે દરેક ગ્રામ પંચાયતોમા દર મહીનાની ૧ લી તારીખ તથા ૧૬ મી તારીખે ઝુંબેશ હાથ ધરી સઘન સફાઈ કરી અત્રેના જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોને વધુ સ્વચ્છ બનાવવા માટે ઠરાવ કરવા આજની ખાસ સામન્ય સભામાં ઠરાવ કરવામા આવ્યો.

આ સાથે જિલ્લા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીનું અવસાન થાય તો તેના પરિવારને જિલ્લા પંચાયત સ્વભંડોળ વર્ષ ૨૦૨૫- ૨૬ માથી રકમ રુપિયા પચાસ હજારથી વધારીને ૧ લાખ કરેલ છે જે રકમમા વધારો ચુકવવા માટે આજની ખાસ સામન્ય સભામા ઠરાવ કરવામા આવ્યો.

જિલ્લા પંચાયત રાજકોટ હેઠળના વિસ્તારમાં રહેતા શહીદ થયેલા સૈનિકના પરિવારને જિલ્લા પંચાયત સ્વભંડોળ વર્ષ ૨૦૨૫-૨૬ માથી રકમ રુપિયા એક લાખથી વધારીને ૨ લાખ કરેલ છે જે રકમ વધારીને ચુકવવા માટે આજની ખાસ સામન્ય સભામા ઠરાવ કરવામા આવ્યો.

# શેરબજાર વધુ પટકાયું તો સોના-ચાંદી સળગ્યા

**મુખ્ય સમાચાર, મુંબઇ**

અમેરિકી પ્રમુખ ટ્રમ્પનાં ટેરિફ ટેરરથી ફાઈનાન્સીયલ માર્કેટોમાં ઉથલપાથલનો દોર જારી જ રહ્યો છે. દુનિયાભરનાં શેરબજારો આજે પટકાયા હતા. જયારે સોના-ચાંદી વધુ સળગ્યા હતા.

અમેરિકાએ ચીન પર વધારાનાં ૧૦૦ ટકા ટેરિફ ઝીંકયા હોવાથી વ્યાપાર સહીતનાં ક્ષેત્રે તનાવ વધવાની આશંકાથી દુનિયાભરનાં શેરબજારોમાં ગભરાટ હતો અને મંદીનું મોજુ ફરી વળ્યુ હતું. એશીયન માર્કેટો એકથી ત્રણ ટકા તૂટયા હતા.



ભારતમાં પણ મંદીનો આંચકો હતો.જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે ટેરિફ વોર હળવુ થવાને બદલે વકરતું જતુ હોવાનાં ચિત્રથી માનસ ખરડાયું છે. શેર, સોના-ચાંદી કરન્સી, ક્રિપ્ટો કરન્સી સહીતના ફાઈનાન્સીયલ ક્ષેત્રો ગંભીર રીતે પ્રભાવીત થઈ રહ્યા છે.

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૩૦૨ પોઈન્ટ ગગડીને ૮૨૧૯૮ સાંપડયો હતો તે ઉંચામાં ૮૨૩૨૯ તથા નીચામાં ૮૨૦૪૩ હતો.. નિફટી ૮૬ પોઈન્ટનાં ઘટાડાથી ૨૫૧૯૮ હતો તે ઉંચામાં ૨૫૨૪૧ તથા નીચામાં ૨૫૧૫૨ હતો.

બીજી તરફ સોના-ચાંદી સતત સળગતા રહ્યા હતા.કોમોડીટી એકસચેંજમાં પ્રારંભીક કામકાજમાં સોનુ ૧૯૦૦ રૂપિયાનાં ઉછાળાથી ૧૨૩૩૦૫ હતું ચાંદી ૫૩૦ રૂપિયાના ઉછાળાથી ૧૫૧૭૬૫ હતી.

ચાંદીમાં અછતની હાલત વધુને વધુ વકરી રહી છે. સેન્ટરોમાં અલગ ભાવ છે જ હવે તો દુકાને-દુકાને જુદા ભાવ બોલાય છે. રાજકોટમાં જ આજે ૧.૭૩ લાખથી ૧.૮૧ લાખ સુધીના જુદા જુદા ભાવો બોલાતા હતા.

બએક વેપારીએ કહ્યું કે, સતાવાર ભાવ ૧.૭૩ લાખ હતા પરંતુ તે ભાવે મળવુ મુશ્કેલ હતું. કોમોડીટી એકસચેંજનાં ભાવ સાથે સરખામણી કરવામાં આવે તો ભાવ તફાવત ૨૨૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી પહોંચ્યો હતો સમગ્ર વેપારી વર્ગ ડઘાઈ ગયો છે.

# અમદાવાદમાં બુલેટ ટ્રેન પ્રોજેકટમાં ૧૦મા સ્ટીલ બ્રિજનું લોકાર્પણ પૂર્ણ

**મુખ્ય સમાચાર, મુંબઇ**

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે તાજેતરમાં ગુજરાતના અમદાવાદમાં તેના ૧૦મા સ્ટીલ બ્રિજનું લોકાર્પણ પૂર્ણ કર્યું, જે આ હાઈ-સ્પીડ રેલ કોરિડોર હેઠળ જિલ્લા માટેનો પ્રથમ સ્ટીલ બ્રિજ છે.

સમગ્ર કોરિડોરમાં કુલ ૨૮ સ્ટીલ પુલ બનાવવાની યોજના છે, જેમાં ૧૭ ગુજરાતમાં અને ૧૧ મહારાષ્ટ્રમાં છે. નવા લોન્ચ કરાયેલા પુલની લંબાઈ ૬૦ મીટર, વજન ૪૮૫ મેટ્રિક ટન, ઉંચાઈ ૧૨ મીટર અને પહોળાઈ ૧૧.૪ મીટર છે.

મહારાષ્ટ્રના વર્ધા વર્કશોપમાં બનાવવામાં આવેલા આ પુલને ખાસ ટ્રેઈલર્સનો ઉપયોગ કરીને અમદાવાદ લઈ જવામાં આવ્યો હતો.



બાંધકામમાં ટકાઉપણું અને કંપન નિયંત્રણ માટે ઈપ રક્ષણાત્મક કોટિંગ અને ઈલાસ્ટોમેરિક બેરિંગ્સ સાથે ૨૦,૩૬૦ ટોર-શીયર પ્રકારના ઉચ્ચ શક્તિવાળા બોલ્ટનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ પુલને જમીનથી ૧૬.૫ મીટર ઉપર ટ્રેસ્ટલ્સ પર એસેમ્બલ કરવામાં આવ્યો હતો અને લોકીંગ ટ્રોલી દ્વારા સપોર્ટેડ ૨૦૦-ટન ક્ષમતાના સેમી-ઓટોમેટિક જેકનો ઉપયોગ કરીને સાઇડ-સ્લ્યુ કરવામાં આવ્યો હતો.

૩૫૬૦ મીટરના કામચલાઉ પ્લેટફોર્મ અને ૧૪ સ્કિડ વ્યવસ્થા, જેમાં ટ્રાન્સવર્સ લોન્ચિંગ માટે ચારનો સમાવેશ થાય છે, તેના કારણે ચોક્કસ ઈન્સ્ટોલેશનની સુવિધા મળી, જે ફક્ત ૭ કલાકમાં પૂર્ણ થયું.

અમદાવાદમાં બુલેટ ટ્રેન વાયડક્ટ ૩૧ ક્રોસિંગમાંથી પસાર થશે, જેમાં રેલ્વે ટ્રેક, ફલાયઓવર, નહેરો, સાબરમતી નદી અને છ સ્ટીલ પુલનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ હાઈ-સ્પીડ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ઝીણવટભર્યા આયોજન અને આધુનિક એન્જિનિયરિંગનું પ્રતિનિધિત કરે છે.

# જામનગર તાલુકાના મોરકંડા ખાતે રૂ.૧.૧૦ કરોડના ખર્ચે નિર્મિત થનાર અદ્યતન પશુ દવાખાનાનું ખાતમુહૂર્ત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાજ્યના કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌ સંવર્ધન, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જામનગર તાલુકાના મોરકંડા ખાતે રૂ.૧.૧૦ કરોડના ખર્ચે નિર્મિત થનાર અદ્યતન પશુ દવાખાનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે,પશુ સારવારની સુવિધાઓ સ્થાનિક કક્ષાએ જ ઉપલબ્ધ થાય તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા, ત્યારથી જ આપણા મહામૂલા પશુધનની કાળજી લેવા માટે તેઓએ અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી હતી. જેમાં પશુ આરોગ્ય મેળા, પશુ દવાખાના, પશુ આર્થિક સહાય અને એનિમલ એમ્બ્યુલન્સ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.મંત્રીએ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા એક હજાર નવા પશુ દવાખાના સ્થાપવાનો નિર્ણય લેવાયો છે. જેના ભાગરૂપે, જામનગર જિલ્લામાં પણ ચાલુ વર્ષે નવા ૧૬ પશુ દવાખાનાઓનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે.મંત્રીએ ગ્રામજનો સાથે સંવાદ સાધતા જણાવ્યું કે પશુપાલન એ માત્ર કૃષિનો સહાયક વ્યવસાય નથી, પરંતુ તે ખેડૂતોને નવી અને નિયમિત આવક પૂરી પાડીને આર્થિક રીતે સમૃદ્ધ થવામાં મદદરૂપ બને છે.તેમણે સેક્સ્ડ સિમેન ટેકનોલોજી અને દૂધ મંડળીઓ જેવી પશુપાલન સંબંધિત અગત્યની યોજનાઓની વિસ્તૃત જાણકારી આપી ગ્રામજનોને તેનો મહત્તમ લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.આ પ્રસંગે, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, અગ્રણી,ગિરિરાજસિંહ જાડેજા, નાયબ પશુપાલન નિયામક તેજસ શુક્લ, સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જયશ્રી માનવ સેવા ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન

## જનસેવાને સમર્પિત જન્મદિવસની અનોખી ઉજવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં જયશ્રી માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ જયશ્રીબેન વાઘેલા દ્વારા પોતાના જન્મદિવસના અવસરે મોરબી ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં ડાયાબિટીસ, બી.પી. સહિતના રોગોના નિદાન સાથે દર્દીઓને ફ્રી દવા અને એક્યુપ્રેશર દ્વારા સારવાર મળશે.

મોરબીમાં માનવસેવાને જીવનધર્મ રૂપે સ્વીકારનાર જયશ્રી માનવ સેવા ટ્રસ્ટ, મોરબીની પ્રમુખ જયશ્રીબેન સાગરભાઈ વાઘેલાના જન્મદિવસના પ્રસંગે એક અનોખી સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. સમાજના દરેક વર્ગના લોકો સુધી આરોગ્ય સેવા પહોંચે તે હેતુથી ટ્રસ્ટ દ્વારા તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ બપોરે ૩ થી ૬ વાગ્યા સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના, દલવાડી સર્કલ પાસે, મોરબી ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ડાયાબિટીસ તથા બ્લડ પ્રેશર (બી.પી.)નું નિદાન ડૉ. ચાર્મીબેન આદ્રોજા (યોગીકૃપા ક્લિનિક) દ્વારા કરવામાં આવશે. નિદાન કરાયેલા દર્દીઓને જયશ્રીબેન સાગરભાઈ વાઘેલા પરિવાર તરફથી ૩ દિવસની દવા સંપૂર્ણ ફ્રી આપવામાં આવશે. સાથે સાથે તાવ, શરદી, ઉધરસ જેવી સામાન્ય તકલીફો માટે પણ ચકાસણી કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. વધુમાં, જયસુખભાઈ ભાલોડીયા (સૌજન્યશ્રી) દ્વારા હાથ-પગ, કમર, સાંધાના દુઃખાવા તેમજ વાના દર્દીઓને એક્યુપ્રેશર પોઈન્ટ દ્વારા ફ્રી સારવાર આપવામાં આવશે.

# જામનગરમાં વોટ ચોર ગાદી છોડ સહિત ઝુંબેશ યોજાઈ

**તમુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં યોજાયેલા સહી ઝુંબેશમાં રસ્તાઓ ઉપરથી ૧૦૦૦ સહી કરીને ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં જામનગરના રાજકિય નેતાઓ એ કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.વોટચોર ગાદી છોડ કાર્યક્રમ હેઠળ સહી ઝુંબેશ કાર્યક્રમ ગુજરાત યુવક કૉંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, મહામંત્રી પ્રવીણભાઈ વણોલ, રવિભાઈ જીત્યા અને ઓલ ઈન્ડિયા યુવક કૉંગ્રેસ ના મંત્રી પવનભાઈ મજીઠીયા ની આગેવાનીમાં સમગ્ર ગુજરાત ની સાથે જામનગર ખાતે આજે યોજાયો હતો.જેમાં શહેરના મુખ્ય માર્ગો ઉપર સહી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને જુદા જુદા વિસ્તારોમાંથી ૧૦૦૦ ફોર્મ ભરીને ગુજરાત યુવક કોંગ્રેસને એનાયત કરવામાં આવ્યા હતા.




આ કાર્યક્રમ જામનગરમાં જામનગર શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ ડો તોસિફખાન પઠાણ ગુજરાત યુવક કોંગ્રેસના મહામંત્રી શક્તિસિંહ જેઠવા ગુજરાત એનએસયુઆઈ મહામંત્રી મહિપાલસિંહ જાડેજા જામનગર એનએસયુઆઈ પ્રમુખની આગેવાની માં યોજાયેલ હતો.આ કાર્યક્રમ માં, આનંદભાઈ ગોહીલ, કોર્પોરેટર જૈનમબેન ખફી, જિલ્લા, વગેરે હાજર રહ્યા હતા. ગુજરાત યુવક કોંગ્રેસના નેતાઓનું સ્વાગત પણ કર્યુ હતું.

# જામનગરમાં ઝુલુસ દરમિયાન 'સર તન સે જુદા' ના નારા લગાવનારા તમામ સાત આરોપીઓની ધરપકડ : બે દિવસના રિમાન્ડ પર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ઈદે મિલાદના તહેવારના ઝુલુસમાં દરબારગઢ વિસ્તારમાં કેટલાક શખ્સોએ વિચિત્ર ઝંડાઓ સાથે 'સર તન સે જૂદા' કરી દેવાનો નારો લગાવ્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં પોલીસે સુલેહ શાંતિના ભંગ બદલ સાત શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. સમગ્ર મામલે પોલીસે સાતેય આરોપીઓની ધરપકડ કરીને કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા અને બે દિવસના રિમાન્ડ લેવામાં આવ્યા છે.જામનગર શહેરમાં ગત ઈદે મીલાદના તહેવારમાં નીકળેલા ઝુલુસ દરબારગઢ સર્કલ તેમજ બર્ધન ચોકના અમુક શખ્સો અલગ-અલગ ડિઝાઈનના ઝંડા લઈ ફરકાવાની સાથે જનૂની નારામાં 'સર તને સે જૂદા' કરી દેવાનો ઓડિયો-વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરીને કોમી વૈમનસ્ય ફેલાવવાનું કૃત્ય આચર્યું હતું.

સમગ્ર મામલે દરબારગઢ પોલીસ ચોકીના PSIએ ખુદ ફરિયાદી બનીને ૭ આરોપીઓમાં મોહસીનખાન સલીમખાનુ પઠાણ, બિલાલ હાસમભાઈ નોંયડા, ઈમરાન સીદીકભાઈ કુરેશી, હારુનભાઈ કુરેશી, સાહિલ નોયડા, અલ્તાફ શેખ, સાહિલ કુરેશી, યુનુસ બહાઉદિનભાઈ બેલીમ સામે ગુનો નોંધ્યો હતો.પોલીસે તમામ આરોપીઓની ઓળખ કરીને ધરપકડ કરી હતી અને જામનગરની કોર્ટ સમક્ષ રજૂ કરીને પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જેમાં કોર્ટે આરોપીના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ દ્વારા તમામના મોબાઈલ ફોન કબજે કરીને આગળની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# જામનગર ખંભાલીડા ગામમાં રહેતા મહિલાના રહેણાંક મકાનમાં રૂ.૫૦,૦૦૦ની કિંમતનો ૨૫૦ લીટર દેશી દારૂ નો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર પંચકોષી એ ડીવીઝન પોલીસે ખંભાલીડા ગામ મોટાવાસ ગામમાં રહેતા મહિલાના રહેણાંક મકાનમાં રેડ પાડી ૫૦,૦૦૦ રૂપિયાની કિંમત ૨૫૦ લીટર દેશી દારૂ નો જથ્થો ઝડપી પાડયો હતો.પંચકોશી એ ડિવિઝન પોલીસ મથક હેઠળના વિસ્તારના ગ્રામ્ય પંથકમાં દેશી દારૂનું દુષણ વક્ર્યું હોવાથી ગઈકાલે ગ્રામજનો દ્વારા પોસ્ટકાર્ડ લખી મુખ્યમંત્રી રજૂઆત કરવામાં આવી હતી.

જેને લઈને આ મુદ્દો ગાજ્યા બાદ આજે પંચકોસી એ ડિવિઝન પોલીસે ખભાલીડા મોટાવાસ ગામમાં રેડ પાડી હતી. જ્યાં પ્રકાશબા ભીખુભા જાડેજાના ઘરે રેઈડ કરતા રહેણાંક મકાનમાંથી દેશી દારૂ લી ૨૫૦ કી.રૂ.૫૦,૦૦૦ નો મુદામાલ મળી આવ્યો હતો.હાલ પોલીસે પ્રકાશબા ભીખુભા જાડેજા રહે. ખંભાલીડા મોટાવાસ તા.જી જામનગર સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહી પંચકોષી એ ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એમ.એન.શેખ તથા એ.એસ.આઈ. નિર્મળસિંહ ભરતસિ જાડેજા તથા દિનેશભાઇ આંબાભાઇ રાઠોડ, ચેતનભાઈ આર. ઘાઘરેટીયા તથા હરદેવસિંહ મગળસિંહ તથા કમલેશભાઇ અમુભાઇ ખીમાણીયા દ્વારા કરવામાં આવી હતી.

# માળીયા(મી)ની ભીમસર ચોકડી પાસે ડમ્પરમાં છુપાવી લઈ જવાતો ઈંગ્લીશ દારૂ અને બીયરનો જંગી જથ્થો ઝડપાયો







## મોરબી ક્રાઇમ બ્રાંચની કામગીરી ટ્રક સહિત રૂ.૨૫.૯૩ લાખનો મુદામાલ કબજે, એક આરોપી પકડાયો, એક ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી અને પેરોલ-ફર્લો સ્કવોડને મળેલી ચોક્કસ માહિતીના આધારે માળીયા(મીં) વિસ્તારમાં ભીમસર ચોકડી પાસે ડમ્પરમાંથી પતરા અને તાલપત્રીની આડમાં છુપાવેલો વિદેશી દારૂની ૧૮૦મીલી.ની ૪૩૨૦ નંગ બોટલ અને બિયરના ૨૫૬૮ ટીન જેની કુલ કિ.રૂ.૧૦.૮૩ લાખનો જથ્થો કબજે કરાયો હતો. પોલીસે વિદેશી દારૂ અને બિયર, ટ્રક સહિત રૂ.૨૫.૯૩ લાખના મુદામાલ સાથે ડમ્પર ડ્રાઈવરને પકડી પાડ્યો હતો જ્યારે મુખ્ય આરોપી માલ મોકલનારનું નામ ખુલતા તેને ફરાર દર્શાવ્યો છે.

મોરબી ક્રાઇમ બ્રાંચ અને પેરોલ-ફર્લો સ્કવોડને ખાનગીરાહે માહિતી મળી હતી કે હળવદ તરફથી માળીયા(મીં) તરફ એક ડમ્પર રજી.નં. જીજે-૩૬-વી-૫૦૦૩ આવી રહ્યું છે, જેમાં પતરા અને તાલપત્રીની આડમાં ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો છુપાવાયો છે. મળેલી માહિતીના આધારે પોલીસ ટીમે માળીયા(મી) ભીમસર ચોકડી નજીકના ઓવરબ્રિજ પાસે સર્વિસ રોડ પર નાકાબંધી ગોઠવી હતી. તે દરમિયાન ઉપરોક્ત ડમ્પર ત્યાંથી પસાર થતાં તેને અટકાવી તપાસ કરતા તેમાં પતરા અને તાલપત્રીની આડમાં વિદેશી દારૂની ૮પીએમ વ્હિસ્કીની ૧૮૦મીલી.ની કુલ ૪૩૨૦ નંગ બોટલ કિ.રૂ. ૫,૧૮,૪૦૦/- તેમજ બે અલગ અલગ બ્રાંડના ૨૫૬૮ નંગ બિયર ટીન જેની કિ.રૂ.૫,૬૪,૯૬૦/- એમ મળી કુલ રૂ. ૧૦,૮૩,૩૬૦/-નો દારૂ તથા બીયરના જથ્થા સાથે આરોપી ટ્રક ચાલક ચુનીલાલ અમેદારામ હુડા રહે. ધુડાવા તા. ચોહટન થાના બાખાસર જીલ્લા બાડમેર (રાજસ્થાન)ની અટક કરી હતી. પકડાયેલ ટ્રક ચાલક આરોપીની પૂછપરછમાં માલ મોકલનાર આરોપી વિજય જેન્તીભાઈ પટેલ રહે. દેવળીયા તા. હળવદ વાળાના નામની કબુલાત આપતા, પોલીસે તેને ફરાર જાહેર કર્યો હતો. આ ઉપરાંત પોલીસે ડમ્પર કિ.રૂ.૧૫ લાખ તેમજ બે મોબાઇલ કિ.રૂ.૨૦ હજાર સહિત રૂપિયા ૨૫,૯૩,૯૬૦/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો. હાલ પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી, મુખ્ય ફરાર આરોપીને શોધવા તજવીજ શરૂ કરી છે.

# નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનને "ઈમિનેન્સ એવોર્ડ ૨૦૨૫" એનાયત કરવામાં આવ્યો




## બોલીવુડ એક્ટ્રેસ અમ્રિતા રાવના હસ્તે પી.ડી. કાંજિયાને ગૌરવપૂર્ણ પુરસ્કાર અર્પણ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનને શિક્ષણક્ષેત્રે ગુણવત્તા, નવીનતા અને સંસ્કારના સમન્વય બદલ ''ઈમિનેન્સ એવોર્ડ-૨૦૨૫થી સન્માનિત કરવામાં આવ્યા છે. રાજકોટના ફિનિક્સ રિસોર્ટ ખાતે યોજાયેલા ભવ્ય સમારોહમાં બોલીવુડ અભિનેત્રી અમ્રિતા રાવના હસ્તે ગ્રુપના પ્રમુખ પી.ડી. કાંજિયાને એવોર્ડ અર્પણ થયો હતો.

શિક્ષણક્ષેત્રે છેલ્લા ત્રણ દાયકાથી સતત ગુણવત્તા, નવીનતા અને સંસ્કારના સમન્વય સાથે અવિરત સેવાઓ આપનાર નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન, મોરબીને પ્રતિષ્ઠિત ઈમિનેન્સ એવોર્ડ ૨૦૨૫થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ સમારોહ રાજકોટના ફિનિક્સ રિસોર્ટ ખાતે ભવ્ય રીતે યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત બોલીવુડ એક્ટ્રેસ અમ્રિતા રાવના હસ્તે નવયુગ ગ્રુપના સુપ્રીમો પી.ડી. કાંજિયાને આ ગૌરવપૂર્ણ એવોર્ડ અર્પણ થયો હતો. કાર્યક્રમમાં વિશિષ્ટ અતિથિ તરીકે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા ઉપસ્થિત રહ્યા હતા.

નવયુગ ગ્રુપના સિદ્ધિઓ અને યોગદાનમાં છેલ્લા ૩૦ વર્ષથી વધુ સમયથી મોરબી જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રમાં શિક્ષણક્ષેત્રે ઊંચા ધોરણો સ્થાપિત કરનાર નવયુગ ગ્રુપે અનેક સિદ્ધિઓ મેળવી છે. પ્રી-સ્કૂલથી કોલેજ સ્તર સુધીનું સર્વાંગી શિક્ષણ માળખું, કરીયર લક્ષી અને સ્કિલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના, આધુનિક ટેકનોલોજી સાથે સંસ્કાર આધારિત શિક્ષણનું અમલીકરણ, વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન, ટેકનોલોજી, ઈનોવેશન અને સંસ્કારનું અનોખું સંકલન આ સર્વાંગી યોગદાનને માન્ય રાખી દિવ્ય ભાસ્કર ગ્રુપ દ્વારા નવયુગ ગ્રુપને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે.

આ અવસરે પ્રમુખ પી.ડી. કાંજિયાનો અભિપ્રાય આપ્યો છે કે, ''આ એવોર્ડ નવયુગ પરિવારના દરેક સભ્ય માટે ગૌરવની ક્ષણ છે.

આ સન્માન અમારા શિક્ષકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓના અવિરત પરિશ્રમનું પરિણામ છે. અમે ભવિષ્યમાં પણ શિક્ષણક્ષેત્રે ગુણવત્તા, શિસ્ત અને સંસ્કારનું સંકલન જાળવી રાખી નવી ઊંચાઈઓ સર કરીશું.''

# મોરબી શોભેશ્વર રોડ ઉપર દુકાન સામે રાખેલ ટેબલ લેવા બાબતે ચાર શખ્સોનો વૃદ્ધ ઉપર હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના શોભેશ્વર રોડ ઉપર જીલ્લા પંચાયત કચેરી નજીક બનેલી ઘટના મુજબ દુકાન સામે રાખેલ ટેબલને લેવા બાબતે વૃદ્ધને લાકડી તથા ઢીકા પાટુ વડે બેફામ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચાર ઈસમો વિરુદ્ધ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબી શહેરના સામાકાંઠે શોભેશ્વર રોડ ઉપર જીલ્લા પંચાયત કચેરી પાસે રહેતા ભાગવતદાસ સરજુદાસ રામાવત રામાનંદી ઉવ.૬૦ એ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ભોજાભાઇ કરમણભાઇ ભરવાડ, મનીષભાઇ ભોજાભાઇ ભરવાડ, રાણાભાઇ મલાભાઇ રાતડીયા તથા એક અજાણ્યો માણસ સહિતના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદીએ આરોપી ભોજાભાઈ ભરવાડની દુકાન સામે ટેબલ રાખ્યું હોય જે ટેબલ લેવા બાબતે ગત તા.૧૦/૧૦ના રોજ ચારેય આરોપીઓએ ફરિયાદી વૃદ્ધને અપશબ્દો આપી લાકડી તથા ઢીકાપાટુ વડે બેફામ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સમગ્ર બનાવમાં ફરિયાદીને શરીરે મૂંઢ ઇજાઓ પહોંચી હતી. હાલ બી ડિવિઝન પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ભાજપ દ્વારા "આત્મનિર્ભર ભારત" અભિયાન અંતર્ગત કાર્યશાળાનું આયોજન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ''આત્મનિર્ભર ભારત'' અભિયાન અંતર્ગત કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સાંસદ, ધારાસભ્યો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા. ''હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી''ના નારા સાથે આત્મનિર્ભર ભારતના સંદેશને ઘેરઘેર પહોંચાડવાના શપથ સાથે સંકલ્પ કરવામાં આવ્યો હતો.

મોરબી શહેરમાં આજરોજ તા.૧૨ ઓક્ટોબરના રોજ ભારતીય જનતા પાર્ટી દ્વારા ''આત્મનિર્ભર ભારત'' અભિયાન અંતર્ગત વિશાળ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટીયા, સાંસદ કેશરીદેવસિંહ, તથા ધારાસભ્યો દુર્લભજીભાઈ દેથરીયા અને પ્રકાશભાઈ વરમોરા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળામાં ભાજપના અગ્રણીઓએ આત્મનિર્ભર ભારતના સંદેશને જનમાનસ સુધી પહોંચાડવા માટે માર્ગદર્શન આપ્યું હતું. ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશભરમાં શરૂ કરાયેલ ૯૦ દિવસીય વિશેષ કાર્યક્રમ અંતર્ગત આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિથી શરૂ થઈને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ સુધી ચાલુ રહેશે. અભિયાનનો મુખ્ય ધ્યેય હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીના નારા સાથે લોકોમાં સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો અને આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવાનો છે. કાર્યશાળામાં જીલ્લા અને શહેર સ્તરના અગ્રણીઓ ઉપરાંત અનેક કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. વિવિધ વક્તાઓએ આત્મનિર્ભર ભારતના વિચારને જીવનમાં ઉતારવા માટે પોતાના વિચારો રજૂ કર્યા અને કાર્યકર્તાઓને આ અભિયાનને જીલ્લાના પ્રત્યેક ગામ અને ઘરે ઘરે પહોંચાડવા માટે આહ્વાન કર્યું હતું.

# હળવદ-ધ્રાંગધ્રા હાઈવે પર ટેન્કર અને ટ્રેલર વચ્ચે અકસ્માતમાં એકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ-ધ્રાંગધ્રા હાઈવે પર જી.આઈ.ડી.સી. સામે ટેન્કર અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેન્કર ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં ચલાવી આગળ જઈ રહેલા ટ્રેલરના પાછળના ભાગમાં અથડાવતા, ટેન્કરમાં ક્લીનર સાઈડ બેઠેલ સહ-ચાલકને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. હાલ સમગ્ર અકસ્માત મામલે ફરિયાદી ટ્રેલર વાહન ચાલકે હળવદ પોલીસ સમક્ષ ટેન્કર ચાલક આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ફરિયાદ અનુસાર, તા. ૧૨ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ રાત્રે હળવદ-ધ્રાંગધ્રા હાઈવે પર આવેલ જી.આઈ.ડી.સી. સામે રોડ પર ટેન્કર રજી. નં. જીજે-૩૯-ટીએ-૮૫૦૧ અને ટ્રેલર રજી. નં. જીજે-૩૯-ટીએ-૧૭૨૨ વચ્ચે ગંભીર અકસ્માત થયો હતો. જે અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, મુસાભાઈ કાળુભાઈ બેલીમ રહે. દશાડા જી.સુરેન્દ્રનગર, પોતાના હવાલાનું ટેન્કર પુરઝડપે અને બેફીકરાઈથી હંકારી રહ્યો હતો. તે દરમિયાન રોડ ઉપર આગળ જતા ટ્રેલરના પાછળના ભાગે ટેન્કર ટકરાયુ હતું.

અકસ્માત એટલો જોરદાર હતો કે ટેન્કરના ખાલી ભાગમાં બેસેલા સહ-ચાલક નવીનભાઈ રામજીભાઈ મિયાત્રા રહે. અંતરજાળ તા. ગાંધીધામ જી. કચ્છ વાળાના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. અકસ્માતની ઘટના અંગે ફરીયાદી હીરાભાઈ જેસંગભાઈ મિયાત્રા ઉવ.૬૫ રહે. અંતરજાળ જી. કચ્છ વાળાએ હળવદ પોલીસ મથકમાં આરોપી ટેન્કર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી જલારામ ધામ ખાતે મહેતા પરિવાર દ્વારા મહાપ્રસાદ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જલારામ ધામ ખાતે ચાલતા સદાવ્રતમાં સાધ્વીજી નમ્રદર્શિતાશ્રીજી મ.સા. ની ૧૦૬ મી આયંબિલની ઓળીની પૂર્ણાહુતીના શુભ પ્રસંગે મહેતા પરિવાર દ્વારા મહાપ્રસાદ યોજાયો હતો. ઉપસ્થિત જૈન આગેવાનોના હસ્તે મહાપ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.

મોરબીના જલારામ ધામ ખાતે વિવિધ પ્રકારની માનવસેવા સાથે ચાલતા સદાવ્રતમાં દરરોજ સૈંકડો લોકોની જઠરાગ્નિ તૃપ્ત થાય છે. આ સેવાયજ્ઞ અંતર્ગત સાધ્વીજી નમ્રદર્શિતાશ્રીજી મ.સા. ની ૧૦૬ મી આયંબિલની ઓળીની પૂર્ણાહુતી પ્રસંગે વિશેષ ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપ્રસાદ મોરબીના જશવંતીબેન પ્રતાપરાય મહેતા પરિવાર દ્વારા સેવા ભાવથી યોજાયો હતો. આ પ્રસંગે જતીનભાઈ મહેતા, જયેશભાઈ ટોળીયા, જતીનભાઈ શેઠ, ચેતનભાઈ શેઠ, હેતભાઈ શેઠ સહિતના જૈન સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ પોતાના વરદ્ હસ્તે મહાપ્રસાદ પિરસી ભક્તજનોની જઠરાગ્નિ તૃપ્ત કરી હતી.




મોરબી મહેતા પરિવારના આ પ્રેરણાદાયી સેવાકાર્ય બદલ જલારામ ધામના ગીરીશભાઈ ઘેલાણી, હરીશભાઈ રાજા, પ્રતાપભાઈ ચગ, ભાવીનભાઈ ઘેલાણી, ચિરાગભાઈ રાચ્છ, નિર્મિતભાઈ કક્કડ, કીશોરભાઈ ચંડીભમર, નિરવભાઈ હાલાણી, પારસભાઈ ચગ, અનિલભાઈ સોમૈયા, જયંતભાઈ રાઘુરા, સંજયભાઈ હીરાણી, અનિલભાઈ ગોવાણી, સુનિલભાઈ પુજારા, પપ્પુભાઈ ચંડીભમર, અમિતભાઈ પોપટ, હીતેશભાઈ જાની, વિપુલભાઈ પંડિત સહિતના આગેવાનો દ્વારા પરિવારને હાર્દિક અભિનંદન પાઠવાયા હતા.

# ગોંડલમાં બાળકોના ઝઘડામાં વડીલો વચ્ચે શસ્ત્ર હુમલો

ગોંડલ સરકારી હોસ્પિટલ પાસેના વિસ્તારમાં નાના બાળકોના ઝઘડામાં મોટા વચ્ચે માચાકૂટ થઈ ગઈ હતી. જેમાં ધોકા-પાઈપ-છરીથી હુમલો થતા પિતા - પુત્રી થવાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ સિવિલ હોસ્પિટલ પાસે રહેતા ઈજાગ્રસ્ત કોમલબેન વિજયભાઈ ડાભી (ઉંમર વર્ષ ૨૩,) અને તેમના પિતા ભનાભાઈ કાનાભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૪૦)ને ગોંડલની સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સીવીલ માં દાખલ કરાયા હતા. કોમલબેને જણાવ્યા મુજબ, નાના બાળકો વચ્ચે ઝઘડો થયો હતો તે બાબતે સંજય, વિપુલ, વીરુ, પરિયો સહિતનાએ ઝઘડો કરી માર માર્યો હતો. ગોંડલ પોલીસે ઈજાગ્રસ્તોના નિવેદન લેવા તજવીજ કરી હતી.

# પત્રકારત્વ જગતનો ચમકતો સિતારોઃ શાહીલ ભાસાનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ધોરાજીના ગતિશીલ અને યુવા પત્રકાર તથા 'સૌરાષ્ટ્ર હોટ ક્રાઈમ' ન્યૂઝ પેપરના સહતંત્રી શાહીલભાઈ ભાસાનો આજે જન્મદિવસ છે. પત્રકારત્વના ક્ષેત્રમાં તેમની ઉત્કૃષ્ટ સેવા અને અદભૂત યોગદાન બદલ, સમસ્ત પત્રકાર જગત અને જનતા દ્વારા તેમને હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. તેમના જન્મદિવસ નિમિત્તે, સામાજિક, રાજકીય અને ધાર્મિક અગ્રણીઓ તેમજ તેમના મિત્રવર્તુળ અને વાચક સમુદાય તરફથી તેમને અઢળક શુભેચ્છાઓ મળી રહી છે. સૌ કોઈ તેમની દીર્ઘાયુ અને તંદુરસ્તી માટે પ્રાર્થના કરી રહ્યા છે.

# ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સ્વસહાય જૂથોનું સન્માન તથા ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય નાબૂદી ગ્રાન્ટના ચેક વિતરણ કરાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં 'વિકાસ સપ્તાહ-૨૦૨૫'ની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત 'વિકસિત ગામ, વિકસિત ગુજરાત' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામ વિકાસ વિભાગની મિશન મંગલમ્ યોજના હેઠળ કાર્યરત સ્વસહાય જૂથોને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરાયાં હતાં, તેમજ ૦૪ ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય નાબૂદી ગ્રાન્ટના ચેક વિતરણ કરાયા હતાં.

ગુજરાતના ગ્રામ વિકાસ અને મહિલાઓની ઉન્નતિમાં સખી મંડળોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ત્યારે મુખ્યમંત્રીએ લખપતિ દીદી યોજના અન્વયે સખી મંડળોને પ્રમાણપત્ર આપીને તેમનું સન્માન કર્યું હતું. જે પૈકી રાજકોટ જિલ્લાના ગવરીદળ ગામના નારી શક્તિ મિશન મંગલમના બહેનો સરકારી પોલીટેકનિક કોલેજ ખાતે મંગલમ્? કેન્ટીન શરૂ કરીને રોજગારી મેળવી રહી છે. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ઝરખીયા ગામના માહી પ્રાકૃતિક આજીવિકા મંડળની મહિલાઓ પ્રાકૃતિક ખેત પેદાશો થકી આત્મનિર્ભર બની રહી છે. મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ધરમનગર ગામનું મિટ્ટી આર્ટ મિશન મંગલમ્? માટીના વાસણો બનાવી કમાણી કરી રહ્યાં છે. તેમજ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શીલ ગામના અનામિકા સખી મંડળની મહિલાઓ હેન્ડીક્રાફટની વસ્તુઓ બનાવી પગભર થયા છે.

આ ઉપરાંત, રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના કોલીથડ ગામમાં રહેતાં ચંદ્રિકાબેન મકવાણાએ દીનદયાળ ઉપાધ્યાય ગરીબ કલ્યાણ યોજના હેઠળ તાલીમ બાદ નોકરી મેળવી છે, જે બદલ તેમને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત મુખ્યમંત્રીના હસ્તે વિકાસ કમિશનર કચેરી હેઠળ ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય નાબૂદી ગ્રાન્ટના રૂ. ૧૩.૭૧ કરોડના ચેકનું વિતરણ કરાયું હતું. જેમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અંબાજી ગામ, સુરત જિલ્લાનું ઓલપાડ ગામ, છોટાઉદેપુર જિલ્લાનું નસવાડી ગામ અને કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના માધાપર ગામને ચેક આપવામાં આવ્યા હતાં.

# મોરબીના વેપારી સાથે ૧.૭૨ કરોડની ઠગાઈ કરનાર ગેંગના એક સાગરીતની અટક

## વિદેશમાં વેપાર કરવાના બહાને વેપારી સાથે છેતરપિંડી આચરનાર ટોળકીના એક સભ્યને દિલ્હીથી પકડી લેતી મોરબી સાયબર ક્રાઈમ ટીમ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વેપારી પાસેથી વિદેશમાં કોકોપીટનો વેપાર કરાવવાના બહાને ઓનલાઇન રૂ.૧.૭૨ કરોડથી વધુની ઠગાઈ કરનાર સાયબર ક્રાઈમ ગેંગના એક સભ્યને મોરબી સાયબર ક્રાઈમ ટીમે દિલ્હીમાં પકડી પાડ્યો છે. ગુગલ પર નકલી કંપની બનાવી વેપારીઓને વિદેશમાં એક્સપોર્ટ કરવાની લાલચ આપી ફસાવતી આ ગેંગનો ભેદ ઉકેલવામાં મોરબી સાયબર ક્રાઈમ પોલીસ ટીમને સફળતા મળી છે.

મોરબીમાં કોકોપીટ ઉત્પાદન કરનારા વેપારી દેવેન્દ્રભાઈ નરસિંહભાઈ દેત્રોજા(એવિયર ઇમ્પેક્સ) વાળા સાથે રૂ.૧,૭૨,૮૮,૪૦૦/- ની ઠગાઈ થઈ હતી. ફરીયાદીએ પોતાનો વેપાર વિદેશમાં વિસ્તૃત કરવા ગુગલ સર્ચ મારફતે ફ્રેન્ડ ફન્ડામેન્ટલ પ્રા.લી. અને જી.બી.એફ.એસ. વિંગ્સ પ્રા.લી. નામની કંપનીઓ સંપર્કમાં આવ્યા હતા. આ કંપનીઓએ હોંગકોંગની એસેસ ટ્રેડિંગ કંપની સાથે ડીલ કરાવવાના બહાને વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ સુધી વિવિધ ચાર્જીસના નામે અલગ અલગ બેંક ખાતામાં રૂ.૧.૭૨ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. બાદમાં વેપારીને ન તો કોઈ ડિલિવરી મળી, ન તો વેપાર થઈ શક્યો. જેથી ફરિયાદીએ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ભારતીય અને વિદેશી વ્યક્તિઓ તથા તેમના મળતીયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. મોરબી સાયબર ક્રાઈમ પોલીસ ટીમે ઉપરોક્ત ગંભીર છેત્તરપિંડી અંગે તમામ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા કલમ તથા આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ તપાસ બાદ મોરબી સાયબર ક્રાઈમ પીઆઈ એન.એ. વસાવાના નેતૃત્વમાં પીએસઆઇ વાય.પી. વ્યાસની ટીમ દિલ્હીમાં પહોંચી અને ફ્રેન્ડ ફન્ડામેન્ટલ પ્રા.લી. કંપનીમાં કામ કરતા એક કર્મચારી આરોપી ધનંજય પ્રદીપ શર્મા ઉવ.૨૩ને કસ્ટમર સપોર્ટ ઓપરેટર તરીકેની ભૂમિકામાં સંડોવણી બદલ ઝડપી પાડ્યો હતો.

ઓનલાઇન સાયબર ક્રાઈમ કરનાર ટોળકીની મોડસ ઓપરેન્ડીમાં આ ગેંગનો મુખ્ય માસ્ટરમાઈન્ડ પારસ સિંઘાલ, નકલી કંપનીઓ બનાવી બીબીએ તથા બીસીએ માં અભ્યાસ કરતા યુવકોને સ્ટાફમાં રાખી વેપારીઓને વિદેશી ટ્રેડના લાલચથી ફસાવતો હતો. ઓનલાઇન સ્કીમો બતાવી, ડોક્યુમેન્ટ્સ મંગાવી અને ચાર્જીસના નામે વિવિધ ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવી આર્થિક ફ્રોડ આચરવામાં આવતો હતો. જ્યારે ઉપરોક્ત કંપનીઓના અન્ય ગુનાહિત ઈતિહાસમાં વર્ષ ૨૦૨૫માં હૈદરાબાદ સાયબર ક્રાઈમમાં રૂપિયા ૧.૧૧ કરોડનો સાયબર ફ્રોડનો કેસ નોંધાયો છે. જ્યારે બીજો કેસ રાયબરેલી (ઉત્તરપ્રદેશ) પોલીસ સ્ટેશનમાં રૂ.૨.૬૭ કારોડના ફ્રોડનો કેસ નોંધાયો છે. મોરબી પોલીસે પ્રજાજોગ સંદેશમાં જણાવ્યું કે, લોભામણી ઓનલાઈન ઓફર અને વિદેશી વેપારની લાલચમાં આવી ઠગાઈનો ભોગ ન બનો. તથા અજાણ્યા નંબર પરથી આવતી લિંક્સ ક્યારેય ન ખોલવી. પોલીસ ક્યારેય ફોન પર ''ડિજિટલ અરેસ્ટ'' કરતી નથી. સતર્ક રહો, સાવધાન રહો.

# રાજકોટની યુવતીએ ૧૫ વર્ષની ઉંમરે બનાવ્યો એનિમેશનનો વર્લ્ડ રેકોર્ડ!



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની પ્રતિભાશાળી વિદ્યાર્થીની સાધુ રિદ્ધિ હરીશભાઈએ પોતાના અદભુત સર્જનાત્મક કાર્ય દ્વારા સમગ્ર શહેરનું ગૌરવ વધાર્યું છે. માત્ર ૧૫ વર્ષની ઉંમરે, રિદ્ધિ અને જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ''ધ યુનિવર્સ'' નામની એક અનોખી એનિમેટેડ વિડિયો તૈયાર કરી, જેમાં વિશ્વના ચમત્કારો અને બ્રહ્માંડની અદ્ભુત સૌંદર્યને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું છે.

તેમની આ સર્જનાત્મક કૃતિને Influencer Book of World Records દ્વારા માન્યતા અપાઈ છે અને ૬ ઑગસ્ટ ૨૦૨૫ના રોજ સત્તાવાર રીતે રજીસ્ટર કરવામાં આવી હતી. સાધુ રિદ્ધિ એ માલતીબેન સાધુ અને શ્રીમાન હરીશભાઈ ની પુત્રી છે રિદ્ધિ આજે ભારતની સૌથી યુવાન એનિમેશન સર્જકોમાંની એક બની ગઈ છે, જેઓએ પોતાના કલ્પનાશીલ વિચારોથી નવી પેઢીને પ્રેરણા આપી છે કે જો મનમાં જુસ્સો હોય તો ઉંમર ક્યારેય અવરોધ બની શકતી નથી. તે રિદ્ધિએ સિદ્ધ કરી બતાવ્યું છે

# જેતપુર ધોળે દિવસે ગ્રાહકના સ્વાંગમાં આવેલા ગઠિયા ૫.૪૦ લાખના દાગીના લઈ ગયા

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા મતવા શેરી વિસ્તારમાં આવેલી 'મહેન્દ્રકુમાર એન્ડ સન્સ' નામની સોના-ચાંદીની પેઢીમાં શનિવારે સાંજના સમયે ગ્રાહક બનીને આવેલા બે અજાણ્યા શખ્સોએ વેપારી યુવકની નજર ચૂકવી રૂ. ૫.૪૦ લાખની માતબર કિંમતના સોનાના પેન્ડલની ઉઠાંતરી કરી પલાયન થઈ જતાં સમગ્ર સોની બજારમાં ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના ધોરાજી રોડ પર માધવ પાર્કમાં રહેતા યુવાન વેપારી આદિત્યભાઈ તેજસભાઈ હરસોરા(ઉં.વ.૧૯) શનિવારે પોતાની મતવા શેરીમાં આવેલી દુકાને હાજર હતા. સાંજના આશરે પાંચ વાગ્યાના સુમારે તેમના પિતા કોઈ કામ અર્થે બજારમાં ગયા હતા અને તેઓ દુકાન પર એકલા હતા. તે દરમિયાન માથા પર સફેદ ટોપી અને મોઢા પર કાળા રંગનું માસ્ક પહેરેલો આશરે ૩૦ થી ૪૦ વર્ષનો એક હિન્દી ભાષી શખ્સ દુકાનમાં પ્રવેશ્યો હતો. આ શખ્સે કાનમાં પહેરવાની કડીઓ ખરીદવાના બહાને આદિત્યભાઈને વાતોમાં પરોવી દીધા હતા. વેપારી યુવક તેને અલગ-અલગ વૈરાયટીની કડીઓ બતાવી રહ્યો હતો. તે દરમિયાન આરોપીએ યુવકનું ધ્યાન ભટકાવી કાઉન્ટર પર પડેલી સોનાના પેન્ડલ ભરેલી ડબી હાથચાલાકીથી સેરવી લીધી હતી. યુવક કંઈ સમજે તે પહેલાં જ આરોપી દુકાનની બહાર નીકળી ગયો હતો અને દુકાનથી થોડે દુર મોટરસાયકલ ચાલુ રાખીને ઉભેલા પોતાના સાગરિત પાછળ બેસીને આંખના પલકારામાં ફરાર થઈ ગયો હતો.

યુવકને શંકા જતાં તેણે કાઉન્ટર તપાસ્યું તો પેન્ડલની ડબી ગાયબ હતી. તેણે તુરંત જ પોતાના પિતાને ફોન કરી ઘટનાની જાણ કરી હતી. ચોરી થયેલ ડબીમાં કુલ ૫૮ જેટલા સોનાના પેન્ડલ હતા, જેનું વજન આશરે ૫૦ ગ્રામ હતું અને તેની કુલ કિંમત રૂ. ૫,૪૦,૦૦૦/- થવા જાય છે. ઘટના બાદ પિતા-પુત્રએ આરોપીઓને શોધવા માટે આસપાસના વિસ્તારોમાં તપાસ કરી હતી, પરંતુ તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે તેમણે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(એ), ૫૪ મુજબ ચોરી અને મદદગારીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ધોળે દિવસે બનેલી આ ઘટનાને પગલે શહેરના અન્ય સોની વેપારીઓમાં ભયનો માહોલ ફેલાયો છે.

# મોરબી આયુષ હોસ્પિટલમાં ડાયાબિટીક ફૂટની સફળ પ્લાસ્ટિક સર્જરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીની આયુષ હોસ્પિટલમાં ડાયાબિટિક ફૂટથી પીડાતા દર્દી પર કરવામાં આવેલી સફળ પ્લાસ્ટિક સર્જરી બાદ દર્દીનો પગ કાપવાનું ટળી ગયું છે. અન્ય મોટા શહેરોની હોસ્પિટલોમાં પગ કાપવાની સલાહ આપવામાં આવી હોવા છતાં, ડૉ. આશિષ હડિયલની કુશળ સારવારથી દર્દી હવે સંપૂર્ણપણે સાજો થઈ ગયો છે.

મોરબીમાં એક દર્દી, જે છેલ્લા ઘણા વર્ષોથી ડાયાબિટીસથી પીડાતા હતા, તેઓ છેલ્લા ૮ વર્ષથી ડાયાબિટિક ફૂટ (Diabetic Foot) જેવી ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. પગમાં બનેલો ઘાવ લાંબા સમયથી ન ભરાતો હોવાથી ચેપ વધી રહ્યો હતો. અગાઉ આ દર્દીએ અમદાવાદ તથા અન્ય મોટા શહેરોની હોસ્પિટલોમાં તપાસ કરાવી હતી, જ્યાં તેમને ઘાવ ગંભીર હોવાથી પગ કાપવાની સલાહ આપવામાં આવી હતી. આ સ્થિતિમાં દર્દી અને પરિવારજન નિરાશ થઈ ગયા હતા. જે બાદ મોરબીની આયુષ હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં પ્લાસ્ટિક સર્જન ડૉ. આશિષ હડિયલએ તાત્કાલિક નિદાન કરી જરૂરી સર્જરી હાથ ધરી હતી. આધુનિક ટેકનિક અને પ્લાસ્ટિક સર્જરી દ્વારા ઘાવની યોગ્ય સફાઈ, ચેપ નિયંત્રણ અને ત્વચા ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ હવે દર્દીનો ઘાવ સંપૂર્ણપણે સાજો થઈ ગયો છે અને પગ બચી ગયો છે.

દર્દી અને પરિવારજનોએ ડૉ. આશિષ હડિયલ તથા મોરબી આયુષ હોસ્પિટલના સમગ્ર સ્ટાફ પ્રત્યે આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, જ્યાં અમને દરેક જગ્યાએ પગ કાપવાની સલાહ મળી હતી, ત્યાં મોરબી આયુષ હોસ્પિટલમાં આશાનો કિરણ મળ્યો હતો. આ સફળ સારવાર ડાયાબિટીસથી પીડાતા અન્ય દર્દીઓ માટે પણ પ્રેરણારૂપ ઉદાહરણ બની છે. યોગ્ય સમયે નિષ્ણાતની સલાહ અને આધુનિક સારવાર અપનાવી લેવામાં આવે તો, ડાયાબિટિક ફૂટ જેવી ગંભીર સ્થિતિમાં પણ પગ કાપવાની સ્થિતિ ટાળી શકાય છે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સ્વચ્છતા પખવાડિયુંઃ સ્વચ્છ નીર અભિયાનથી રાજકોટ રેલવે ડિવિઝને પીવાના પાણીની શુદ્ધતા અને ગુણવત્તા સુનિશ્ચિત કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

''સ્વચ્છતા પખવાડિયું - ૨૦૨૫'' અંતર્ગત પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં આજે ''સ્વચ્છ નીર'' થીમ પર પીવાના પાણીની સ્વચ્છતા અને જળ સ્ત્રોત નિરીક્ષણ અભિયાન ચલાવવામાં આવ્યું. આ વિશેષ અભિયાન દરમિયાન ડિવિઝનના વિવિધ સ્ટેશનો, કોલોનીઓ અને કચેરી પરિસરોમાં જળ સ્ત્રોતોની સ્વચ્છતા, ટાંકીઓની સફાઈ અને પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી.

રાજકોટમાં RMC જળ નળ ક્ષેત્ર અને વૉટર હટની વ્યાપક સફાઈ કરવામાં આવી. તે ઉપરાંત, રેલવે હોસ્પિટલ પરિસરમાંથી પાણીના નમૂનાઓ લઈને TDS અને મુક્ત ક્લોરિન સ્તરની તપાસ કરવામાં આવી, જેથી પીવાના પાણીની ગુણવત્તા સુનિશ્ચિત કરી શકાય.

ઓખા સ્ટેશન પર કર્મચારીઓને હાઇડ્રન્ટ પાઈપોના યોગ્ય સંગ્રહ અને સ્વચ્છતા વિશે જાગૃત કરવામાં આવ્યા. ત્યાં વૉટર હટ, RPF બેરેક, રનિંગ રૂમ અને કોલોની વિસ્તારમાંથી કુલ ચાર જળ નમૂનાઓ એકત્ર કરીને રાસાયણિક પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા.

રાજકોટ, હાપા, જામનગર, દ્વારકા, વાંકાનેર, મોરબી અને સુરેન્દ્રનગર સ્ટેશનો પર વૉટર હટની સફાઈ કરવામાં આવી અને પાણીના નમૂનાઓ રાસાયણિક તથા જીવાણુ પરીક્ષણ માટે એકત્રિત કરવામાં આવ્યા.

મોરબી રેલવે કોલોનીમાં સમ્પ (Sump) અને ખુલ્લી ગટરોની સફાઈ કરવામાં આવી. તમામ સ્થળોએથી મેળવેલા જળ નમૂનાઓને પ્રયોગશાળામાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા, જેથી પીવાના પાણીની શુદ્ધતા અને ગુણવત્તાની પુષ્ટિ થઈ શકે.

નિરીક્ષણ દરમિયાન કર્મચારીઓને જળ સંરક્ષણ, લીકેજની રોકથામ અને સ્વચ્છ પીવાના પાણીની વિતરણ પ્રણાલી જાળવી રાખવા માટે પ્રેરિત કરવામાં આવ્યા.

પીવાના પાણીની ગુણવત્તા પર નિયમિત દેખરેખ રાખવાથી મુસાફરોને સુરક્ષિત પાણી ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે. આ પહેલથી રેલવે પરિસરોમાં પર્યાવરણીય સ્વચ્છતાને પણ પ્રોત્સાહન મળશે.

''સ્વચ્છ નીર અભિયાન'' એ રાજકોટ ડિવિઝન દ્વારા મુસાફરો અને કર્મચારીઓ માટે સ્વચ્છ, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા તથા ''સ્વચ્છ રેલ - સ્વચ્છ ભારત'' ના સંદેશને સશક્ત બનાવવાની દિશામાં એક પ્રશંસનીય પહેલ છે.

## ન્યૂઝ ફ્લેશ

### વાંકાનેરના જોધપર ગામ નજીક મોટર સાયકલમાં દેશી દારૂની હેરાફેરી કરતા એક પકડાયો

વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન જોધપર ગામના પાટીયા પાસે વાંકાનેર બાઉન્ડ્રી તરફથી મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-એલક્યુ-૭૮૨૦ ઉપર આવતા એક શખ્સને રોકી તેની પાસે રહેલ થેલાની તલાસી લેતા તેમાંથી ૩૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૬,૦૦૦/- વેચાણ કરવાને ઈરાદે મળી આવ્યો હતો. જેથી તુરંત આરોપી અજયભાઈ સવશીભાઈ સાઢમીયા ઉવ.૨૫ રહે. અકાળા તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર વાળાની અટકાયત કરી હતી, આ સાથે પોલીસે મોટર સાયકલ સહિત રૂ.૩૬,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાંકાનેરમાં વાડીની બાજુમાં ખરાબામાં જુગારની મહેફિલ માણતા પાંચ જુગારી પકડાયા

વાંકાનેરમાં નવા રાજા વડલા ગમે જવાના માર્ગ ઉપર રેલ્વે ગરનાળા બાજુમાં વાડીની બાજુમાં ખુલ્લા ખરાબામાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તિના જુગારની મજા માણી રહેલા મુકેશભાઇ ભોગીલાલ શાહ ઉવ.૫૯ રહે.જીનપરા વાંકાનેર, રફીકભાઇ અબુભાઇ કાફી ઉવ.૪૦ રહે.ખોજાખાના શેરી ગ્રીનચોક વાંકાનેર, પ્રવિણભાઇ મૂળજીભાઇ ગેડીયા ઉવ-૪૯ રહે.આંબેડકર નગર શેરી નં-૦૩ વાંકાનેર, જયેશભાઇ ઉર્ફે ભુરાભાઇ હરગોવીંદભાઇ મજેઠીયા ઉવ-૪૯ રહે.આંબેડકર નગર શેરી નં-૦૩ વાંકાનેર તથા મહમદભાઇ કરીમભાઇ લાખા ઉવ-૩૧ રહે.લક્ષ્મીપરા મેઇન રોડ વાંકાનેર વાળાની રોકડા રૂ.૧૬,૭૦૦/-સાથે રંગેહાથ ઝડપી લેવામાં વાંકાનેર સીટી પોલીસ તેને સફળતા મળી છે. આ સાથે પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીના બેલા(રં) ગામની સીમમાં રોડ ઉપરથી ઈંગ્લીશ દારૂની એક બોટલ સાથે રાજસ્થાની ઝડપાયો

મોરબી તાલુકા પોલીસ પેટ્રોલિંગમાં હોય તે સમયે બેલા(રં) ગામની સીમમાં વેન્ટો સીરામીક સામે રોડ ઉપર શંકાસ્પદ હાલતમાં જઈ રહેલા ઈસમને રોકી તેની અંગઝડતી લેતા તેના પાસેથી રોયલ ચેલેન્જ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૧,૧૦૦/-મળી આવી હતી, આ સાથે તાલુકા પોલીસે આરોપી ફતેલાલ શંકરલાલ કલાસ્વા ઉવ.૨૧ હાલ રહે-બેલા(રં) ગામની સીમમાં વેન્ટો સીરામીકની સામે કોમ્પ્લેક્ષમાં તા.જી.મોરબી મુળગામ-મુંગેણા તા.જી.ડુંગરપર રાજસ્થાન વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માલવીયા ચોક પાસે પ્રમુખ આર્કેડમાં સ્પાની આડમાં દેહવેપાર ચલાવતા સંચાલક સહિત બે પકડાયા

## ત્રણેક વર્ષથી અલગ-અલગ રાજયની ૮ યુવતીઓ રાખી વેપલો થતો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માલવીયા ચોક પાસે પ્રમુખ આર્કેડમાં સ્પાની આડમાં દેહવેપાર ચાલતો હોવાની માહીતીને આધારે એન્ટી હ્યુમન સ્ફિકીંગ યુનીટ દ્વારા દરોડો પાડી સંચાલક સહીત બે શખસોને ઝડપી લઈ તેની પાસેથી રોકડ-ત્રણ મોબાઈલ સહિત ૨૨ હજારની મતા કબજે કરી તપાસ કરતા સ્પામાં અલગ-અલગ રાજ્યની ૮ યુવતીઓને રાખી ગ્રાહકો પાસેથી ૨૫૦૦ થી ૫૦૦૦ હજાર લઈને યુવતીઓને ૧૦૦૦ આપતા હોવાનુ બહાર આવતા એડવીઝન પોલીસે સંચાલક સહીત બે શખસો સામે ગુનો નોધી બન્નેની ધરપકડ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ માલવીયા ચોક પાસેના પ્રમુખ આર્કેડમાં હાઈ ડ્રીમ વેલનેશ સ્પામાં દેહ વેપાર ચાલતો હોવાની માહીતીને આધારે પીઆઈ બી.એમ.જનકાંત સહીતની ટીમે દરોડો પાડયો હતો. જેમા ગ્રાહકો પાસેથી સ્પા ઉપરાંત શરીર સબંધ માટે ૨૫૦૦ થી ૫૦૦૦ લઈને યુવતીઓને એક હજાર આપતા હોવાનુ બહાર આવતા પોલીસે સ્પાના સંચાલક દ્વારકા રહેતો જેન્તી ગોવા વાઘેલા અને કર્મચારી રાજકોટમાં કાલાવાડ રોડ પર ચંદ્રલોક એપાર્ટમેન્ટમાં રહેતો નેપાળી પરિથીવી રામ સીંગની અટકાયત કરી પુછ્તાછ કરી હતી.

પોલીસની પુછ્તાછમાં સ્પા છેલ્લા ત્રણેક વર્ષથી ચલાવતા હોય અને ઉતરપ્રદેશ, મહારાષ્ટ્ર,વેસ્ટબંગાલ અને ગુજરાતી સહીત ૮ યુવતીઓને રાખી છેલ્લા કેટલાક સમયથી દેહ વેપાર ચાલવતા હોવાનુ રટણ કરતા એડવીઝન પોલીસે ધી ટ્રાફીકીંગ ઈમોરલ એકટ સહીતનો ગુનો નોધી સંચાલક જેન્તી સહીત બન્ને આરોપીઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે.

### વાવડી પોલીસ ચોકી સામે આશ્રમમાં ઝાડ સાથે લટકતી યુવકની લાશ મળી

રાજકોટમાં પુનિત નગર વિસ્તારમાં વાવડી પોલીસ ચોકી સામે આવેલ મોજે મોજ હનુમાનદાદાના આશ્રમમાં ઝાડ સાથે અજાણ્યા પુરૂષની લટકતી લાશ મળી આવી હતી. ૯ પોલીસે મૃતકના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં પુનિત નગર વિસ્તારમાં વાવડી પોલીસ ચોકી સામે આવેલ મોજેમોજ હનુમાનદાદાના આશ્રમમાં ઝાડમાં લટકતો અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવતા તાત્કાલીક તાલુકા પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થલે દોડી ગયો હતો. પોલીસે ઘટના સ્થળે જરૂરી કાર્યવાહી કરી અજાણ્યા પુરૂષના મૃતદેહને પોસ્ટમોટર્મ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પોલીસે અજાણ્યા પુરુષના વાલી વારસની શોધખોળ હાથ ધરી આપઘાતનું કારણ જાણવા તપાસનો દૌર લંબાવ્યો છે.

# જૂનાગઢ પોલીસે આરોપીને કાયદાનું ભાન કરાવ્યું, ફરાર આરોપીઓની શોધખોળ

## ગુરુવારે બંગલા ગેંગ સામે ગુજસીટોકનો ગુનો નોંધાયો હતો



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ પોલીસ દ્વારા તા.૯ ગુરુવારે જૂનાગઢમાં બંગલાગેંગ તરીકે જાણીતી ગેંગના ૫ સભ્યો વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો નોંધ્યો હતો.જે અન્વયે જૂનાગઢ ગામ્ય ડીવાયએસપી રવિરાજસિંહ પરમારની આગેવાનીમાં સમગ્ર તપાસ કરવામાં આવી રહી છે.પાંચ પૈકી એક આરોપી ગલા મોરીને પોલીસે ઝડપી લીધો છે. પોલીસે આરોપીને આજે સાથે રાખીને તમામ ગુનાહિત દસ્તાવેજોની ચકાસણી તેમજ બનાવ સ્થળે લઈ જઈ ગુનાનું રિકન્સ્ટ્રકશન કરાવ્યું હતું.

આ સમગ્ર બાબતે જિલ્લા પોલીસવડા સુબોધ ઓડેદરાએ માહિતી આપી હતી કે, પોલીસે કરસનના ઘરે તપાસ કરી અને ફરાર ચાર આરોપીઓના ઘરે પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન પોલીસને કેટલાક મહત્વના ગુનાહિત દસ્તાવેજો મળ્યા, જેની હાલમાં ઊંડાણપૂર્વક તપાસ થઈ રહી છે. આરોપી કરસન ગલા મોરીએ થોડા સમય પહેલાં એક પેટ્રોલ પંપ પર મારામારી કરી હતી અને ત્યાં તેણે માફી માંગી હતી.

પોલીસે આરોપીને કાયદાનું ભાન કરાવ્યું હતું જેથી તે સતત, ભૂલ થઈ ગઈ. હવે કોઈ ગેંગ બનાવીશ નહીં. દુનિયામાં પોલીસ સૌથી મોટી છે તેવા શબ્દોનું રટણ ચાલુ રાખ્યું હતું. બાકીના ચાર ફરાર આરોપીઓ ભાવેશ બઢ, નિલેશ ઉર્ફે નીલુ બઢ, જાદવ ઉર્ફે લાખો હુણ અને દિલીપ ઉર્ફે દિલો છેલાણાની શોધખોળ માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી છે. પોલીસ હવે આ ગેંગને આર્થિક મદદ કરનારા લોકો અને તેમની સાથે જોડાયેલા અન્ય લોકોની પણ તપાસ કરી રહી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કુવાડવા ગામે માસુમ બાળકીને માર મારી નરાધમે ગુપ્ત ભાગમાં છેડછાડ કરી

## પાડોશમાં રહેતા કૌટુંબીક શખ્સ વિરૂધ્ધ માતાએ પોલીસમાં નોંધાવી ફરીયાદઃ નરાધમ પોલીસના શકંજામાં



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી દુષ્કર્મની ફરીયાદ દિન પ્રતિ દિન વધી રહી છે. ત્યારે પોલીસ સ્ટેશનમાં એકઆત્રા સગીરા પર નરાધમ દ્વારા નજર બગાડી દુષ્કર્મ આચર્યાની ફરીયાદ પોલીસ મથકે નોંધાઇ રહી છે. ત્યારે વધુ એક આવો કિસ્સો કુવાડવા રોડ પોલીસ મથકે નોંધાયો છે. જેમાં પાડોશમાં રહેતા નરાધમે કૌટુંબીક બાળકીને બળજબરીથી ઘરમાં લઇ જઇ મારમારી ગુપ્ત ભાગે છેડછાડ કરી ઇજા કરી હોવાની ફરીયાદ નોંધાતા નરાધમ સામે ફિટકાર વરસી રહ્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિ-તી મુજબ કુવાડવા ગામે રહેતા ૩૦ વર્ષીય અનુ. જાતિ મહિલાએ કુવાડવા રોડ પોલીસ મથકમાં વિપુલ પ્રેમજી ગોહેલ નામના શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે બપોરના સમયે તેની દિકરી સાત વર્ષની ઘરે હાજર ન હોય જેથી તે શોધવા નિકળી હતી. ત્યારે આ નરાધમ વિપુલ ગોહેલના રહેણાંક મકાનમાંથી બાળકી બહાર આવી રહી હતી. ત્યારે વિપુલ નાસી ગયો હતો. બાળાએ માતાને જણાવ્યું હતું કે, આ પાડોશમાં રહેતા વિપુલે તેની સાથે બળજબરી કરી તેના ગુપ્ત ભાગે છેડછાડ કરી ઈજા કરી હોવાની વાત કરતા બાળાને સાથે લઇ માતા પોલીસ સ્ટેશને પહોંચી હતી. બનાવના પગલે કુવાડવા પોલીસ મથકના પીઆઇ બી.પી.રજીયા તથા રાઇટર અજીતભાઇ લોખીલ સહિતની ટીમે તપાસ હાથ ધરી બાળાને સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડી નરાધમ વિપુલ પ્રેમજી ગોહેલને સકંજામાં લઇ વધુ તપાસ હાથ ધરી હતી. વધુમાં જાણવા મળ્યું હતું કે, બાળા સાથે આ નરાધમે દુષ્કર્મ આચર્યુ છે કે કેમ? તે અંગે તબીબના રીપોર્ટની રાહ જોવાઇ રહી છે. રીપોર્ટ આવ્યા બાદ જો દુષ્કર્મ આચરવામાં આવ્યું હશે તો તેના વિરૂધ્ધ દુષ્કર્મની કલમનો ઉમેરો કરી કાર્યવાહી કરવામાં આવશે તેવું પોલીસમાંથી જાણવા મળ્યું છે.

# કોઠારીયા સોલવન્ટમાં ચીકનના ધંધાર્થી પર પડોશી દંપતી સહિત શખ્સોનો છરી-પાઈપ વડે હુમલો


## હુમલાખોર વિરુદ્ધ ફરિયાદ; પોલીસ તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા સોલવન્ટમાં રહેતાં ચિકનના ધંધાર્થી પર આ વિસ્તારમાં જ રહેતી મહિલા, તેના પતિ સહિતનાએ છરી-પાઈપથી હુમલો કરી ઇજાઓ પહોંચાડી હતી અને ધમકી આપી હતી. આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા સોલવન્ટ રૂડાના ત્રણ માળીયા ક્વાર્ટર નં. ૧૦ શિવ હોટલ પાછળ રહેતાં અબ્દુલભાઈ હુસેનભાઈ ઠેબા (ઉ.વ.૫૦)ની ફરિયાદ પરથી પાડોશી ડિમ્પલબેન, તેના પતિ કમલેશભાઈ અને અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

હુમલામાં અબ્દુલભાઇને પાંસળીમાં ફ્રેકચર થયું હતું. માથે જતાં તેને અને તેના દિકરાઓને મારી નાંખવાની ધમકી પણ અપાઈ હતી.

અબ્દુલભાઈ ઠેબા ચીકનની દુકાન ચલાવે છે. તેણે જણાવ્યું છે કે હું મારા પત્નિ ફરીદા, બે દિકરા



અમીન અને સમીર સાથે રહુ છું. હું તથા મારા પત્ની અમારુ ઈલેક્ટ્રોનિક ટુવ્હીલ લઈ બેંકના કામ થી ઘરેથી નીકળી નજીકના સ્મશાન પાસે ટ્રેક્ટરના શોરૂમ પાસે સર્વિસ રોડ પર પહોંચતા સામેથી ડિમ્પલબેન જે ત્રણ માળીયા ક્વાર્ટરમાં રહે છે તે તેમના પિતા કમલેશભાઈ તેમનું એકટીવા લઈને સામે આવી અમને ઉભા રાખેલા અને જમે ફાવે તેમ ગાળો દેવા માંડયા હતાં. અમે તેને ગાળો દેવાની ના પાડતાં ડિમ્પલબેન વધુ જોર જોરથી બોલી મારી સાથે ઝપાઝપી કરવા માંડયા હતાં. આ પછી તેના પતિ કમલેશભાઈએ મને પકડી લીધો હતો અને ડીમ્પલબેને છરી કાઢી મારા પર હુમલો કરી ડાબા ખભાના ભાગે એક ઘા મારી દીધેલ જેથી હું પડી ગયેલ. ત્યાં અજાણ્યા શખ્સે પાઈપથી હુમલો કરી મને મારા માર્યો હતો. મારા પત્નિએ મને છોડાવવા પ્રયાસ કર્યો હતો. દેકારો થતાં એ વખતે જ મારો દિકરો ત્યાંથી નીકળતાં તે અમને છોડાવવા આવ્યો હતો. બાદમાં ડીમ્પલબેન સહિતના ભાગી ગયા હતાં. મને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ બનાવનું કારણ મારો નાનો દીકરો સમીર તથા ડિમ્પલબેનના પતિ કમલેશભાઈ બંને મિત્રો હોઈ અને સાથે ફરતા હોય અને અમારા ઘરે તેમના પતિ આવતા જતા હોય જે ડિમ્પલબેનને ગમતું ન હોય અને આ બાબતે અગાઉ મારા નાના દીકરા સામે બોલાચાલી કરેલ હોઈ તેનો ખાર રાખી ડિમ્પલબેને તેના પતિ અને અજાણ્યા શખસ સાથે મળી મારા પર હુમલો કર્યો હતો. તેમ વધુમાં અબ્દુલભાઇએ કહેતાં આજીડેમ પોલીસ સ્ટેશનના એએસઆઇ જે. કે. કુરીયાએ ગુનો નોંધ્યો છે.

# બાલાજી મંદિર પાસે કનક રોડ પર મોબાઈલ ચોર ઝડપાયો

## સજાના વોરંટમાં નાસ્તાફરતા આરોપીને પેરોલ ફલોની ટીમે દબોચ્યો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે શહેરની મુખ્ય બજારોમાં તથા ભીડભાડ વાળા વિસ્તારમાં લોકોની નજર ચૂકવી ગઠીયાઓ મોબાઇલ ચોરી કરી લેતા હોવાની ફરીયાદો ઉઠવા પામતા એ-ડિવિઝન પોલીસે તેના વિસ્તારોમાં પેટ્રોલિંગ સઘન બનાવતા બાલાજી મંદિર પાસે કનક રોડ પરથી એક મોબાઇલ ચોરની દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ એ-ડિવિઝન પોલીસના પીઆઇ બી.વી.બોરીસાગરની સુચનાથી પીએસઆઇ એસ.એમ.રાણા, એએસઆઇ બી.વી.ગોહિલ, એમ.એસ.મકવાણા, હેડ કોન્સ. મહેશભાઇ ચાવડા, સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે કનક રોડ પર બાલાજી મંદિર પાસે વિજય લઘુશંકર ધામેલ (રહે.નરસિંહનગર, આરટીઓની પાછળ)ને અટકાયતમાં લઇ તેની પાસે રહેલ મોબાઇલ અંગે તપાસ કરતા આ મોબાઇલ ચોરીનો હોવાનું માલુમ પડતા તેની ધરપકડ કરી રૂ.૩૦ હજારની કિંમતનો મોબાઇલ કબ્જે લઇ વધુ તપાસ શરૂ કરી છે.

જયારે બીજા બનાવમાં પેરોલફલોના પીઆઇ બી.એમ.જણકાટની સુચનાથી એએસઆઇ વિનોદભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે રાજકોટના છઠ્ઠા અધિક ચીફ જયુ. મેજી.ની કોર્ટના સજાના વોરંટમાં નાસ્તોફરતો રાકેશ પ્રવિણ નીરંજની (ઉ.વ.૪૫) (રહે. એલઆઇજી મુંજકા પ્લોટ, ડો. શ્યામ પ્રસાદ મુર્ખજીનગર, મુંજકા ચોકડી)ને દબોચી લઇ કોર્ટ હવાલે કરવામાં આવ્યો છે.

# વિરપર ગામમાં વાડીએ કામ કરતી વેળાએ હલરમા હાથ આવી જતા આશાસ્પદ યુવાનનું મોત

## યુવકે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દમ તોડી દીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના વિરપર ગામે વાડીએ કામ કરતી વેળાએ ૨૩ વર્ષીય યુવકનો હાથ હલર મશીનમાં આવી જતાં ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં તેને રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં તેણે દમ તોડી દીધો હતો.માતા-પિતાના એકલોતા પુત્રનું મોત થતાં પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. મળતી માહિતી મુજબ, વિરપર ગામે રહેતો ૨૩ વર્ષીય નીતિન અરવિદભાઈ મકવાણા શનિવારે સવારે ૯.૩૦ વાગ્યા આસપાસ પોતાની વાડીએ ખેતી કામ કરી રહ્યો હતો દરમિયાન યુવકનો હાથ હલર મશીનમાં આવી જતાં ગંભીર ઈજા પહોંચી હતી. પરિવાર દ્વારા તાત્કાલિક નીતિનને પ્રથમ રાજકોટ સિવિલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યાં તેણે દમ તોડી દેતા હતો. પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પરિવારના જણાવ્યા મુજબ, નીતિન તેના માતા-પિતાનો એકનો એક પુત્ર હતો અને તે પરિવારને ખેતી કામમાં મદદ કરતો હતો.હલરમાં હાથ આવી જતા તેના હાથની મોટાભાગની નશ કપાઈ ગઈ હતી વધુ સારવાર મળે તે પહેલા જ તેણે દમ તોડી દીધો

# દિવાળીના તહેવારો પૂર્વે સામાકાંઠે વેપારીઓ સાથે પોલીસ અધિકારીઓની બેઠક યોજાઇ



શહેરમાં દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે સામાકાંઠે બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઇન્મીટેશના વેપારીઓ, આંગડીયાપેઢી, ચાંદીના વેપારીઓ અને આ વિસ્તારના સામાજીક આગેવાનો સાથે નાયક પોલીસ કમિશનર હેતલ પટેલની અધ્યક્ષતામાં મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટા પ્રમાણમાં વેપારીઓ, આગેવાનો હાજર રહ્યા હતા. દિવાળીના તહેવારોના અનુસંધાને નાયક પોલીસ કમિશનર હેતલ પટેલે વેપારીઓને સૂચન કર્યા હતા કે, દુકાનોમાં સીસીટીવી કેમેરા યોગ્ય રીતે ચાલુ રાખવા, પોતાની દુકાનમાં કામ કરતા કર્મચારી-મજૂરોની વિગતો પોલીસને આપવી, સીસીટીવી કેમેરાના બેકઅપ સ્થળ પર રાખવા તેમજ ખુબ જ કિંમતી ઘરેણા-વસ્તુઓ રજા દરમ્યાન સુરક્ષીત જગ્યાએ મુકવા સુચનાઓ આપી હતી. કોઇપણ ઘટના સર્જાય તો તાત્કાલીક જનરક્ષક ૧૧૨ અથવા બી-ડિવિઝન પોલીસનો તાત્કાલીક સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# જંકશન પ્લોટમાં જુગાર રમતી ૫ મહિલા પકડાઈઃ ૭૧૦૦૦નો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જંકશન પ્લોટમાં આવેલી રેફ્યુજી કોલોનીમાં જુગાર રમતી ૫ મહિલાને પોલીસે પકડી હતી. આરોપીઓ પાસે રહેલ રોકડ ૫૧ હજાર અને ૪ મોબાઈલ સહિત કુલ ૭૧૦૦૦ મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રદ્યુમનનગર પોલીસ મથકના પીઆઈ વી.આર.વસાવાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ રાણીંગા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હોય ત્યારે મળેલી બાતમીના આધારે રેફ્યુજી કોલોનીમાં આવેલા



''શિવ કૃપા'' મકાનમાં દરોડો પાડયો હતો. પોલીસે અહીં જુગાર રમતી ગીતાબેન વસંતભાઈ મઘલાણી (ઉંમર ૫૦ રહે.), માલાબેન લોકચંદભાઈ મોનાણી (ઉંમર ૫૦), મમતાબેન અશોકભાઈ અડવાણી (ઉમર ૫૨), કોમલબેન શંકરભાઈ ઘેડી (ઉમર ૫૦), પૂજાબેન ઉર્ફે લચીબેન વિજયભાઈ આહુજા (ઉમર ૪૪ રહે.રેફ્યુજી કોલોની)ની ધરપકડ કરી હતી.

આરોપી મહિલાઓ પાસેથી પોલીસને ૨૦ હજારની કિંમતના ૪ મોબાઈલ અને રોકડ ૫૧ હજાર કબજે કરી ધારાધોરણની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોકુલનગરમાં બાળકો બાબતે બોલાચાલી થતાં વહુએ દાદીજી સાસુને છરી ઝીંકી દીધી

## ૭૦ વર્ષીય વૃદ્ધાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બાળકોના મુદ્દે થયેલી બોલાચાલી એટલી વધી ગઈ કે વહુએ પોતાની દાદીજી સાસુ પર છરી વડે હુમલો કરી દીધો હતો. સંતકબીર રોડ ગોકુલનગરમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધાને ઈજાગ્રસ્ત હાલત-માં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ, સંતકબીર રોડ ગોકુલનગર શેરી રમાં રહેતા લાભુબેન રાજાભાઈ ગોહેલ ( ઉંમર ૭૦ ) શનિવારે પોતાના ઘરે હતા ત્યારે પૌત્ર વહુ અનિતા સાથે બાળકોના મુદે ચડભડ થઈ હતી.આ સામાન્ય બોલાચાલીમાં અનિતાએ ઉશ્કેરાઈને ઘરમાં પડેલી છરી વડે લાભુબેનના હાથમાં છરીના ઘા ઝીંકી દીધા હતા. વૃદ્ધાએ દેકારો કરતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી ઈજાગ્રસ્ત લાભુબેનનું નિવેદન નોધી વધુ તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે લાભુબેનના પરિવારે જણાવ્યું હતું કે, પુત્રનું અવસાન થતા લાભુબેન વહુ અને તેના બાળકો સાથે રહે છે. પોત્ર પૌત્રની વહુ સાથે બાળકો બાબતે બોલાચાલી થઈ જેમાં તેણીએ હિચકારો હુમલો કર્યો હતો. જો કે હાલ લાભુબેના ડાબા હાથમાં ગંભીર ઈજા પહોંચી હોય જેથી તેઓને સિવિલ હોસ્પિટલના પ્લાસ્ટિક સર્જરી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે.

# બાલકૃષ્ણ સોસાયટીમાં યુવાને ઝેરી ટીકડા ખાઈ કર્યો આપઘાત

## રૈયાધાર વિસ્તારમાં ઝેરી દવા પી લેનાર વૃદ્ધે દમ તોડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંતકબીર રોડ ઉપર માર્કેટ યાર્ડ પાસે આવેલ બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા યુવાને કોઈ અગમ્ય કારણસર ઝેરી ટીકડા ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં સંતકબીર રોડ ઉપર માર્કેટ યાર્ડ પાસે આવેલ બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા અનિલભાઈ ધનજીભાઈ કારેણા નામનો ૪૨ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર ઝેરી ટીકડા ખાઈ લીધા હતાં. યુવકને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. આ ઉપરાંત બીજા બનાવમાં રાજકોટમાં રૈયાધાર સ્લમ ક્વાટર પાસે વાડી વિસ્તારમાં રહેતા રણછોડભાઈ ટપુભાઈ સોલંકી નાના ૬૦ વર્ષના વૃદ્ધે કોઈ અગમ્યકારણસર ઝેરી દવા પી લીધી હતી. યુવકને સારવાર મળે તે પૂર્વે ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી નિસ્પ્રાણ જાહેર કરતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી યુવક અને વૃદ્ધના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસનો દૌર લંબાવ્યો છે.

# ખેરવા ગામની સીમમાંથી ૭૬૫ બોટલ દારૂ ભરેલી કાર ઝડપાઈ

## દારૂ અને કાર મળી ૪.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી પીસીબી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ખેરવા ગામની સીમમાંથી ૭૬૫ બોટલ દારૂ ભરેલી કાર પોલીસે ઝડપી લીધી હતી. પોલીસે દારૂ અને કાર મળી રૂા. ૪,૯૭,૯૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાએ રાજકોટ શહેર વિસ્તારમાં પ્રોહિબીશનની ગેર કાયદેસર પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે સુચના અન્વયે પી.સી.બી. ઈ/ચા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ પીસીબીના પોલીસ અધિકારી/કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતાં જે દરમિયાન પો.હેડ. કોન્સ. કુલદિપસિંહ જાડેજા, વિજયભાઈ મહેતા અને પો.કોન્સ. યુવરાજસિંહ રાણાને મળેલી બાતમીના આધારે ખેરવા ગામની સીમમાં યાસીન એલોય કારખાના પાસે આવેલ ખુલ્લાપટમાંથી રૂા. ૯૭,૯૨૦ની કિંમતની ૭૬૫ બોટલ દારૂ ભરેલી કાર મળી આવી હતી. પોલીસે દારૂ અને કાર મળી રૂા. ૪,૯૭,૯૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રતનપર ગામ પાસે દૂધના ધંધાની હરીફાઈમાં યુવક પર ધોકા વડે હુમલો

## આજે તુ આવી જા તારો નેઠો કરી નાખવો છે કહી ધમકી આપીઃ પોલીસમાં ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીના ટંકારા ગામે રહેતા અને દૂધનો વેપાર કરતા યુવકને ધંધાની હરીફાઈમાં ઝઘડો કરી મોરબી રોડ પર બોલાવી રતનપર ગામે આંતરી ધોકા વડે હુમલો કરવાના બનાવમાં કુવાડવા પોલીસે બે શખસો સામે ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી મુજબ ટંકારા ગામે રહેતા અનિરૂધ્ધભાઈ પ્રધ્યુમનભાઈ નિમાવત નામના યુવકે કુવાડવા પોલીસમાં વિપુલ ઉર્ફે એકકો,બાબુ ઝાપડા સામે ફરીયાદ કરી છે.ફરીયાદમાં જણાવ્યુ હતુ કે છેલ્લા દશેક વર્ષથી ટંકારા વિસ્તારમાંથી દૂધ ભરી રાજકોટ ગોપાલ ડેરીમાં દૂધ વેંચવાનો ધંધો કરતા હોય જેમા તેના વિસ્તારમાં અન્ય વિપુલ ઉર્ફે એકકો,બાબુ ઝાપડા અને જગમલ ઝાપડા સહીતના પણ ધંધો કરતા હોય જેથી અવાર નવાર ધંધાકીય હરીફાઈના મામલે બોલાચાલીઓ થતી હોય જેનો ખાર રાખી વિપુલએ ફોન કરી સોખડા ચોકડી પાસે બોલાવ્યો હતો. જેથી તેના મિત્ર અજય બોરીચાને સાથે લઈને સોખડા ચોકડીએ જતો હતો તે દરમ્યાન અજયએ ફોન કરી ગ્રીનલેન્ડ ચોકડીએ બોલાવ્યો હતો બાદમાં તેના શેઠએ ફોન કરી તુ ત્યા જતો નહી અને મોરબી રોડ પર હોટલએ આવી જા તે દરમ્યાન તે મોરબી રોડ પર જતા હતા તે દરમ્યાન રતનપર ગામ પાસે માલવાહક વાહન લઈને આવેલા વિપુલ અને બાબુએ રસ્તામાં આંતરી ધોકા વડે હુમલો કરી નાસી જતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો.બનાવની જાણ થતા કુવાડવા પોલીસ મથકના જમાદાર અગ્રાવત સહીતે ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# કાંગશીયાળી ગામની સીમમાંથી રૂ.૭.૭૫ લાખની ખેતીની નકલી દવાઓ સાથે શખ્સ ઝડપાયો

## કંપનીના નામે નકલી દવાઓ ૧૩૦૦ના બદલે ૨૫૦માં વેચતા હતાઃ કમીશન એજન્ટની ધરપકડ,વધુ એજન્ટોની સંડોવણી બાબતે તપાસ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કાંગશીયાળી ગામની સીમમાં ટુબડી કન્સન્ટલીગ પ્રા. લી.નામની ખેતીની દવાના નામે નકલી દવાઓ કેટલાક શખસો વેચતા હોવાની ફરીયાદના આધારે જીલ્લા એસઓજીની ટીમે વોચ ગોઠવી અમરેલીના કમીશન એજન્ટને પકડી લઈ તેની પાસેથી રૂ.૭.૭૫ લાખની કિંમતના નકલી દવાઓનો જથ્થો કબજે કરી તેની સામે ગુનો નોધી તેની ધરપકડ કરી વધુ આવા કમીશન એજન્ટો પણ ખેતીની નકલી દવાઓનુ વેચાણ સસ્તાભાવે કરતા હોવાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસે આ દવા ક્યાથી લઈ આવ્યો? તેમજ આ ધંધામાં વધુ કેટલાક શખસોની સંડોવણી છે? સહીતની પુછતાછ હાથ ધરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ દિલ્હી રહેતા અને ઉતર પ્રદેશમાં ટુબડી કન્સન્ટલીગ પ્રા.લી. નામે ખેતીની દવા બનાવતી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા પ્રેમ દયારામ શર્માએ જીલ્લા એસપીને ફરીયાદ કરી હતી કે છેલ્લા કેટલાક સમયથી અમારી કંપનીની દવાઓ સસ્તાભાવે વેંચતા હોવાની ફરીયાદ કરતા એસઓજીના પીઆઈ પારગી સહીતના સ્ટાફે તપાસ કરી છટકુ ગોઠવી કાંગશીયાળી ગામની સીમમાં ગ્લોબલ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં અમરેલીનો શખસ નકલી દવાઓની હેરાફેરી કરતો અમરેલીનો દર્શન જયેશભાઈ ગઢાદરા નામના શખસને રૂ.૭.૭૫ લાખની કિંમતના નકલી દવાઓના જથ્થા સાથે ઝડપી લીધો હતો. બનાવને પગલે શાપર પોલીસે દર્શન સામે ગુનો નોધી તેની પાસેથી દવાઓનો જથ્થો મોબાઈલ સહીતની મતા કબજે કરી તેની પુછતાછ કરી હતી.

પોલીસની તપાસમાં ખેતીની દવાઓ બનાવતી ટુબડી કન્સન્ટલીગ કંપનીની દવાઓ ૧૩૦૦માં વેચતી હોય જે કમીશન એજન્ટ દર્શન માત્ર ૨૫૦માં વેચતો હોવાનુ બહાર આવતા આ દવાઓનો જથ્થો ક્યાથી લાવ્યો ? તેમજ અન્ય કેટલાક કમીશન એજન્ટો છે? સહીતની તપાસ હાથ ધરી છે.